પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૭/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૦ અષાઢ સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૮૪


**સુવિચાર**

વ્યકિત સમયની મહત્તા સમજે નહી તો, કાગળ પરના વિચારોની જેમ જ સીમીત રહે છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી ઓપરેશન
દુખાવાના દર્દીઓ માટે વિશેષ સારવાર સુવિધા
■ ગરદન - કમર - ઘુંટણ- મણકાનો દુઃખાવો ■ હાથ-પગમાં ખાલી ચડવી કે દુઃખાવો થવો
■ ખભાનો દુઃખાવો કે ખભેથી હાથ ઉંચો ન થવો ■ હાડકાનાં ઓપરેશન પછીનો દુઃખાવો
અકસ્માત ઈજા ફેકચર ?
નિદાન ફી રૂા. ૫૦/-
• રાહતદરે એક્સ-રે
• રાહત દરે લેબોરેટરી
ડો. આનંદ કારીયા (એમ.એસ. ઓર્થો.)
ઓર્થોપેડિક સર્જન
સમય સોમ થી શનિ
સવારેઃ ૧૦:૦૦ થી ૧:૦૦
સાંજે : ૫:૦૦ થી ૮:૦૦ સુધી
૨૪ X ૭ કલાક ઈમરજન્સી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦
ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦


## પાંચાળ પ્રદેશ ઉપર મેઘરાજાની અમિદ્રષ્ટિ પડતાં અનરાધાર વરસાદ

# બાબરાનાં ગ્રામ્ય વિસ્તારમાં ૩ થી ૪ ઈંચ વરસાદથી નદીઓ ગાંડીતુર

નીલવડા અને સમઢીયાળા ગામે ૩ થી ૪ ઈંચ વરસાદ પડતાં કાળુભાર નદીમાં ભારે પુર આવ્યું

ઉંટવડ ગામમાં ૩ ઈંચ વરસાદ પડતા સ્થાનિક નદીમાં આવ્યું ઘોડાપુર

નીલવડા અને સમઢીયાળા બંને ગામ સંપર્ક વિહોણા બનતાં તંત્ર દોડયું

કોઝવેને દૂર કરી ઊંચા પુલ બનાવવામાં આવે તેવી માંગ ઉભી થઈ






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં આજે અનેક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ પડયો છે. અમરેલીમાં અવારનવાર હળવા ઝાંપટા પડયા હતા તો બાબરાનાં ગ્રામ્ય વિસ્તારમાં અર્ધાથી લઈને ૪ ઈંચ જેટલો વરસાદ પડયો હતો.

બાબરામાં રાજયના હવામાન વિભાગની આગાહી અનુસાર સવારથી વાતાવરણ વરસાદનું બંધાયું હતું પણ શહેરમાં દિવસ દરમિયાન માત્ર ઝાંપટા પડતા હતા પણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અડધા ઈંચથી ૪ ઈંચ જેટલો લગભગ ગામડાઓમાં પડયો હતો પણ સૌથી વધુ વરસાદ તાલુકાના ઉંટવડ ગામે પડયો હતો. અહીં ગામમાં તેમજ સિમ વિસ્તાર ત્રણ ઈંચ જેટલો વરસાદ પડી જતા ઉંટવડ ગામની સ્થાનિક નદીમાં પુર આવ્યું હતું જેને જોવા લોકો ટોળે વળ્યાં હતા.

બાબરા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં બપોર બાદ જોરદાર વરસાદ પડતાં ગામની સ્થાનિક નદીઓમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## છેલ્લા ૨૦ વર્ષથી શ્વાસની બીમારી હોવાથી

# ધારીનાં હીમખીમડીપરામાં રહેતા વૃધ્ધાએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

ઈલેકટ્રીક વાયર વડે ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૧૬

ધારીના હીમખીમડી પરામાં રહેતા સમજુબેન નાગજીભાઈ પાટડીયા નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધાને છેલ્લા ૨૦ વર્ષથી ાસની બીમારી હોય અને મોટી ઉંમરના લીધે માનસીક તકલીફ હોય. જેથી કંટાળી જઈ પોતે પોતાની મેળે તા.૧૫ ના રોજ ૧૩ વાગ્યે પોતાના ઘરે ઠેલના લાકડા સાથે ઈલેકટ્રીક વાયર બાંધી ગળે ફાંસો ખાતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## શહીદ સન્માન સમારોહમાં હાજરી આપવા

# રાજુલાનાં ધારાનાં નેસ ગામેથી રાજકોટ જઈ પરત આવી રહેલ કાર પલ્ટી જતાં મહિલાનું મોત

સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૬

રાજુલા તાલુકાના ધારાના નેસ ગામે રહેતા રણજીતભાઈ આલકુભાઈ ધાખડાએ પોતાના હવાલાવાળી ફોરવ્હીલ નં. જી.જે.–૦૧ કેડી–૨૮૦૩ લઈ રાજકોટ હેમુ ગઢવી હોલ ખાતે શહીદ સન્માન સમારોહમાંથી પરત વાવડી ગામ તરફ આવતા હતા. ત્યારે ફોરવ્હીલ ચાલક રણજીતભાઈ પોતાના હવાલાવાળી ફોરવ્હિલ પુરઝડપે અને ગફલતભરી રીતે માનવીની જીંદગી જોખમાઈ તેમ ચલાવી ચલાલા–વાવડી ગામ વચ્ચે રોડ ઉપર કોઈ મોટા વાહનની લાઈટના અંજવાળાથી અંજાઈ જતા

અનુસંધાન પાના ૬ ઉપર

## સરપંચ જગુભાઈ ખુમાણે આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો

# શાખપુરનાં આયુર્વેદિક દવાખાનાનું મકાન નવુ બનાવવા માંગ ઉભી થઈ

અનેક ગામોનાં દર્દીઓનાં હિતમાં મંજુરી આપવા માંગ

અમરેલી, તા. ૧૬

શાખપુર ગામે આવેલ જિલ્લા પંચાયત સંચાલિત આરોગ્ય દવાખાના માટે નવા મકાનની મંજુરી આપવા સરપંચ જશુભાઈ ખુમાણે આરોગ્ય મંત્રીને રજુઆત કરેલ છે.

આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં ડો. શુકલાની દર્દીઓ પ્રત્યે સારી ભાવનાથી આજુબાજુના અનેક ગામોનાં દર્દીઓ નિદાન માટે આવતા હોય દર્દીઓના હિતમા નવુ મકાન બનાવવા માંગ કરવામાં આવી છે.

## વિરોધપક્ષ દ્વારા પ્રસિધ્ધિ માટે હવાતીયા મારવામાં આવે છે

# અમરેલી પાલિકા ઉપર થતાં ભ્રષ્ટાચારનાં આક્ષેપો સાબિત થાય તો જાહેર જીવન છોડી દઈશ : પાલિકા પ્રમુખ લીંબાણી

સફાઈ એજન્સીની નબળી કામગીરી વિરૂધ્ધ કાર્યવાહી કરાઈ



અમરેલી, તા. ૧૬

અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ બિપીનભાઈ લીંબાણીની યાદીમાં જણાવ્યા મુજબ અમરેલી નગરપાલિકા ધ્વારા શહેરની સ્વચ્છતા અંગે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયાથી નિયમાનુસાર વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જેમાં દર માસે એજન્સી ધ્વારા મુકવામાં આવતાં બીલમાં કપાતો કરી ચુકવણું કરવામાં આવે છે. જે ચુકવણાની રકમમાં મીડિયામાં ખોટો આંકડો દર્શાવવામાં આવે છે. મીડિયામાં દર માસે સફાઈ ખર્ચનાં રૂા. ૧.૫ કરોડ દર્શાવવામાં આવે છે જે ખરેખર આરોગ્ય શાખાના કર્મચારીઓનાં પગાર અને એજન્સીનું બીલ સહિત કુલ રૂા. ૬૦ લાખ જેટલું જ થાય છે. રૂા. ૧.૫ કરોડની રકમ નગરપાલિકાની તમામ શાખાનાં કર્મચારીઓનાં પગાર તેમજ એજન્સીનાં બીલની રકમ સહિત થાય છે. ખરેખર રૂા. ૧.૫ કરોડનાં ખર્ચની રકમ આમજનતાને ગુમરાહ કરવાનો આંકડો છે.

વધુમાં જણાવેલ છે કે, નગરપાલિકા નિયામક મુલાકાત બાદ સફાઈની જવાબદાર એજન્સી સામે દંડનીય કાર્યવાહી કરી રૂા. ૧.૮૦ લાખ દંડ ફટકારવામાં આવેલ છે. સાથોસાથ શહેરમાં નિયમિત સફાઈ, ડોર ટુ ડોર કચરા કલેકશન અને કચરાનાં સ્પોટ નિકાલ કરવામાં આવી રહેલ છે. વિરોધપક્ષનાં મિત્રો ખોટી પ્રસિધ્ધિ હાંસલ કરવા હવાતીયા મારી રહેલ છે. ભ્રષ્ટાચારનાં આક્ષેપો તદન પાયા વિહોણા છે, ભ્રષ્ટાચાર સાબિત થાય તો જાહેર જીવન છોડી દેવા તૈયાર છું. સફાઈ એજન્સીની નબળી કામગીરી અંગે જવાબદારોને નોટીસો આપી રૂા. ૧.૮૦ લાખનો દંડ ફટકારવામાં આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,590/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૬/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


## વાંકીયા ગામ નજીકની ઘટના

# ખાંભા–સાવરકુંડલા માર્ગ ઉપર મહાકાય વૃક્ષ ધરાશાયી થયુ


થોડીવાર માટે વાહન વ્યવહાર ઠપ્પ

ખાંભા, તા. ૧૬

ખાંભા થી સાવરકુંડલા રોડ પર વાંકીયા ગામ નજીક મહાકાય વૃક્ષ ધરાશાયી થતાં રોડ બંધીત થયો હતો એક કલાકથી ખાંભા થી સાવકુંડલા રોડ બધ થવા છતાં તંત્ર નથી પહોંચ્યું ઘટના સ્થળે ત્યારે વાહન ચાલકો ને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

ખાંભાથી સાવરકુંડલા રોડ બંધિત થતા રોડ પર ટ્રાફિક જામ દ્રશ્ય સર્જાયો હતા.

સાવરકુંડલાથી ખાંભાની સટલ એસટી બસ પણ રોડ બંધ થતા ૧ કલાક થી વધારે થંભી ગઈ હતી અને વાહન ભાલકોને ભારે હાલાકી ભોગવી પડી હતી.



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા



## ગત રવિવારનાં રોજ હોસ્પિટલમાં રેકર્ડબ્રેક દર્દીઓની થઈ સારવાર

# ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલમાં ૧૭૨૭ દર્દીઓની ચકાસણી

**તદ્દન નિઃશુલ્ક નિદાન, સારવાર, દવા, રહેવા, જમવાની વ્યવસ્થા હોવાથી દર્દીનારાયણને રાહત**

**દાતાઓનાં સહયોગ અને દર્દીનારાયણનાં આશીર્વાદથી ચાલતી હોસ્પિટલમાં ૧૦૦ ઉપરાંત તબીબો સેવા કરે છે**

**અમરેલીથી વલ્લભીપુર જતાં માર્ગ ઉપર ટીંબી ખાતે ઘણા વર્ષોથી દર્દીઓની અનેરી સેવા**

**હોસ્પિટલનાં માનદમંત્રી બી.એલ. રાજપરા દિવસ–રાત દર્દીઓની સેવામાં વ્યસ્ત**



અમરેલી, તા. ૧૬

અમરેલી–વલ્લભીપુર હાઈવે ઉપર આવેલ ટીંબી ગામ ખાતે કાર્યરત સ્વામી નિર્દોષાનંદજી માનવ સેવા હોસ્પિટલમાં દર્દીનારાયણની વિનામૂલ્યે સેવા કરવામાં આવી રહી છે. નિર્દોષાનંદજી હોસ્પિટલમાં દરરોજ એક હજાર કરતાં વધારે દર્દીઓની ચકાસણી થતી હોય છે. દરમિયાનમાં ગત રવિવાર ૧૪ જુલાઈનાં રોજ એક જ દિવસમાં ૧૭૨૭ દર્દીઓનાં આરોગ્યની ચકાસણીનો રેકોર્ડ નોંધાયો છે. નિર્દોષાનંદજી હોસ્પિટલ દર્દીનારાયણ માટે જીવાદોરી સમાન માનવામાં આવે છે. દર્દીઓનું નિદાન, સારવાર, દવા, રહેવા–જમવા સહિતની તમામ સેવા તદન નિઃશુલ્ક થઈ રહી છે. હોસ્પિટલમાં ૧૦૦થી વધુ તબીબો સેવા યજ્ઞમાં આહુતી આપી રહ્યા છે. હોસ્પિટલનાં માનદ ટ્રસ્ટી તરીકે બી.એલ. રાજપરા ધ્વારા પણ ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. દાતાઓનાં સહયોગથી ચાલતી નિર્દોષાનંદજી હોસ્પિટલમાં આજ સુધીમાં લાખો દર્દીઓની સારવાર થઈ ચુકી છે.

### અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનાં સીએસઆર વિભાગ દ્વારા

## જાફરાબાદનાં મોટા લોઠપુર ખાતે ધો. ૯ અને ધો. ૧૦ની કિશોરીઓનું હિમોગ્લોબિન ટેસ્ટ કરાયું

**૪૪ જેટલી કિશોરીઓનો હિમોગ્લોબિન ટેસ્ટ થયો**



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

કોવાયા, તા. ૧૬

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વકર્સનાં સીએસઆર વિભાગ દ્વારા સરકારી માધ્યમિક શાળા મોટા લોઠાપુર ખાતે ધોરણ ૯–૧૦ની કિશોરીનું હિમોગ્લોબિન ટેસ્ટ કરવામાં આવ્યુ હતુ.

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસના સીએસઆર વિભાગ દ્વારા મહિલાઓ અને કિશોરીઓના આરોગ્યને ધ્યાને રાખીને તેમના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમો અવારનવાર આયોજિત થતા રહે છે. જેમાં નવરત પ્રયોગો દ્વારા કિશોરીઓ અને મહિલાઓને પોતાના સ્વાસ્થય અંગે જાગૃત કરવામાં આવે છે. સીએસઆરનાં પ્રયાસથી આજે આસપાસનાં ગામોની કિશોરીઓમાં થતા ફેરફાર અને સાવધાની અંગે ઘણી જાગૃતના જોવા મળે છે.

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસના સીએસઆર વિભાગ દ્વારા સરકારી માધ્યમિક શાળા મોટા લોઠપુરમાં ૨૦ જૂન ૨૦૨૪ના રોજ કિશોરીઓના સ્વાસ્થયની જાળવણીને ધ્યાને રાખીને હિમોગ્લોબિન ટેસ્ટીંગ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો. કિશોરીઓના સારા સ્વાસ્થ્ય માટે સીએસઆર અલ્ટ્રાટેક સિમેન્ટ કોવાયા તથા પીએચસી નાગેશ્રી એમ સાથે મળીને સંલગ્ન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૯–૧૦ની ૪૪ જેટલી કિશોરીનું હિમોગ્લોબિન ટેસ્ટીંગ સીએસઆર સેન્ટર દ્વારા આપવામાં આવેલ તેમજ સ્ટ્રીપ અને મશીન દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં એનેમીયાગ્રસ્ત ૧૨ કિશોરીઓને પીએચસી નાગેશ્રી ટેબ્લેટસ અને યોગ્ય આહાર અને આરોગ્યની જાળવણી અંગે ઠો. કૃતિકાબેન ઉપાધ્યાય (જીસીડબ્લ્યુ મેડિકલ ટીમ)અને કમ્યુનીટી હેલ્થ ઓફિસર જાગૃતિબેન વાઘેલા દ્વારા સલાહ આપવામાં આવી હતી. અને પીએચડબ્લ્યુ રૂપલબેન વાળા પણ હાજર રહ્યા હતા. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવામાં સરકારી માધ્યમિક શાળા મોટા લોઠપુરના પ્રિન્સિપાલ સર રમેશભાઈ વસ્તનપરાનો પણ ખૂબ ખૂબ સહયોગ રહ્યો. સાથે સાથે સીએસઆર ટીમ દ્વારા જી.જી. રાવ માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## અમરેલીમાંથી હદપાર થયેલ આરોપીની પોલીસે અટકાયત કરી

અમરેલી, તા. ૧૬

અમરેલીનાલીલીયારોડરેલ્વે ફાટક પાસે રહેતા રહેતા આરોપી દિપકભાઈહસમુખભાઈશાહેસબડિવી. મેજી.અમરેલીનાહદપારીકેસનં. ૧૩/૨૪ તા. ૨૦/૪/૨૪ ના રોજ થયેલ હુકમથી તા.૧૯/૪/૨૫ સુધી અમરેલી જીલ્લામાંથી તડીપાર કરેલ હોવા છતાં આરોપીએ હુકમનો ભંગ કરી, અમરેલી જીલ્લામાં પ્રવેશ કરી અમરેલીના ખોડીયારનગરમાંથીમળીઆવતાપોલીસે ધોરણસર કાર્યવાહીહાથ ધરેલછે.

### ભાજપનાં આગેવાનો દ્વારા

## ચમારડી ખાતે પર્યાવરણ પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનું સન્માન થયું

**વૃક્ષારોપણ કાર્યની પ્રસંશા કરાઈ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

ચમારડી મુકામે રાધે ફાર્મ ખાતેજેઓએહજારોદીકરીઓનાસમૂહ લગ્ન કરી અને કન્યાદાન કર્યુ છે અને અખંડ ભારતના ઘડનાર સરદાર વલ્લભભાઈ પટેલના ૫૦૦૦ કરતા વધારે સ્ટેચ્યુનું વિતરણ કર્યુ છે અને સાથે હાલ દેશ આખામાં પર્યાવરણના લીધે ખૂબ ગરમીઓ તાપ પડે છે તેમને પોતે પોતાના અંગત વિચારોથી એક લાખ કરતા વધુ વૃક્ષોના રોપાનો વિતરણ જેઓએ કર્યુ છે તેઓનું અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન નીતિનભાઈ રાઠોડ બાબરા તાલુકા ભાજપ ઉપ પ્રમુખ કિરીટભાઈ બગડા ખાખરીયા ગામના સરપંચ વિપુલભાઈ કાછેલાએ સાલ ઓઢણીને સન્માન કર્યુ હતું.

### અમરેલી જિલ્લા એસ.ટી. વિભાગ દ્વારા

## લીલીયા ગ્રામ્ય વિસ્તારમાં અપડાઉન કરતા વિદ્યાર્થીઓ માટે એસ.ટી. બસ શરૂ કરાઈ

**વિદ્યાર્થીઓમાં આંનદનો માહોલ છવાયો**



લીલીયા, તા. ૧૬

લીલીયા ખાતે સનાણીયા, હાથીગઢ, હરિપર સહિતના ગામોમાંથી મોટી સંખ્યામા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગનું શિક્ષણ મેળવવા અપડાઉન કરી રહ્યાં છે. આથી સાંજે શાળા છુટયા બાદ પરત જવા બસ સુવિધા ન હોવાથી વિદ્યાર્થીઓએ શાળા આચાર્ય હસમુખભાઈ કરડ અને રંજનબેન રાદડીયાને રજૂઆત કરેલ હતી. જેથી બંને આચાર્યએ એસ.ટી. વિભાગને સનાણીયા,હાથીગઢ, હરિપર શાળા છુટાયા બાદ વિદ્યાથીસ્ઓને પરત જવા માટે નવી બસ શરૂ કરવા માંગણી કરેલ જેને અનુસંધાને માંગણી સંતોષતા નવી બસ શરૂ કરતા શાળાના આચાર્ય હસમુખભાઈ કરડે એસ.ટી. કર્મચારીઓનું મોં મિઠુ કરાવી ષાલ ઓઢાડી સન્માન કરેલ. આ તકે વિદ્યાર્થીઓમાં આનંદ જોવા મળેલ.

### જિલ્લા પંચાયતની દરેક બેઠક ઉપર કેમ્પ અંતર્ગત

## લાઠીનાં મતીરાળા ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનો સાસંદનાં હસ્તે પ્રારંભ

**જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા પણ ઉપસ્થિત રહ્યાં**



લાઠી, તા. ૧૬

ગુજરાતમાં પ્રથમ વખત અમરેલી જિલ્લા પંચાયતની કુલ–૩૪ સીટ વાઈઝ ગામોમાં તા.૧૫/૦૭/૨૦૨૪ ના રોજ 'સર્વ રોગ નિદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવેલ હતુ. જે અંતર્ગત અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાના મતિરાળા ગામે તા.૧૫/૦૭/૨૦૨૪ના રોજ સવારના ૯:૦૦ કલાકે 'સર્વ રોગ નિદાન કેમ્પનું ઉદઘાટન અમરેલી જિલ્લાનાં સાસંદ ભરતભાઈ સુતરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ તકે જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા ઉપસ્થિત રહેલ. તેમજ સમગ્ર જિલ્લામાં જિલ્લા પંચાયત સીટ વાઈઝનાં ગામોમાં જે તે વિસ્તારનાં ધારાસભ્ય, જિલ્લા પંચાયત અમરેલીનાં ચેરમેન તથા સદસ્યઓ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી જિલ્લાની સીટ વાઈઝ કુલ–૩૪ ગામોમાં યોજાયેલ 'સર્વ રોગ નિદાન કેમ્પો'માં કુલ–૭૦૬૯ જરૂરિયામંદ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. આ ઉપરાંત આયુષ્યમાન નવા કાર્ડ કુલ–૪૫૪ રિન્યુયલ કાર્ડ કુલ–૨૧૯ અને આભા કાર્ડ કુલ–૨૧૯ તેમજ આધાર કાર્ડ કુલ–૮૨ કાઢી આપવામાં આવેલ.

આ સર્વ રોગ નિદાન કેમ્પમાં આયુર્વેદ દવા તથા ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પોષણકીટનું વિતરણ કરવામાં આવેલ.

### જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા

## વીજપડી ખાતે વિનામૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

**મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો**



તસ્વીર : સમીર ખોખર–વીજપડી

વીજપડી, તા.૧૬

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે સી એચ સી ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ તકે આ કાર્યક્રમના અધ્યક્ષ વિજયજી ચાવડા, વીજપડી ગામના સરપંચ ભરતભાઈ ગિગૈયા, બાલાભાઈ જોગરાણા, સીએચસી અધિક્ષક ડો. વિજયભાઈ સેતા, ડો. યશ માંગુડિયા, ડો. રામ પ્રસાદી, ડો. કૌશલભાઈ,શ્યામભાઈ ભુવા, હાર્દિકભાઈ રાઠોડ, હિતુલભાઈ હિરાણી, શુભમ ચાવડા, રવિ કુમાર ડોડીયા, વર્ષાબેન દુધાત, તાલુકા પંચાયતનો સ્ટાફપ આરોગ્યનો સ્ટાફ અને આરોગ્યલક્ષી સેવાના લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

## અમરેલી નવોદય વિદ્યાલયનાં 3 વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રે ઝળહળ્યા







અમરેલી, તા. ૧૬

અમરેલી નજીક આવેલ નવોદય વિદ્યાલયનાં ૩ વિદ્યાર્થીઓએ જુદા – જુદા ક્ષેત્રે સફળતા મેળવી છે.

રીતેશ ચૌહાણ નામના વિદ્યાર્થીએ સીએની કઠીન પરીક્ષા પાસ કરી છે. તો તૃપ્તિબેન દાફડાએ શિક્ષણ ફાઉન્ડેશનનાં માધ્યમથી નવોદય વિદ્યાલય પૂનામાં તાલીમ પ્રાપ્ત કરી. તો મિતેષ માંગરોળીયાએ ભાભાઓટોમિક રિસર્ચ નામના સંસ્થામાં ટેકનિક ઓફિસર તરીકે નિમંણૂક મેળવી હોય કલેકટર, નાયબ કમિશનર સહિત શુભકામના પાઠવી.

## વૈજ્ઞાનિક રીતે થયેલા પૃથકરણમાં થયું સિધ્ધ : ઘઉંમાં જોવા મળતા ૨૨૮માંથી એક પણ ઝેરી તત્વ નથી

# અમરેલી જિલ્લામાં ઝેરી તત્વ વગરનાં ઘઉંનું ઉત્પાદન થયું

**જમીનમાં કયારેય રાસાયણિક ખાતર કે દવા છંટકાવ ન કરવાનો સંકલ્પ લેવાયો અને મળ્યું પરિણામ**

**જેશીંગપરાનાં ખેડૂત ઘનશ્યામભાઈ ત્રાપસિયાને GOPCA સંસ્થાનું સર્ટિફિકેટ મેળવ્યું**

**પ્રાકૃતિક કૃષિ માટે ગાયનાં પાલન અને પંચસ્તરીય પાક માટે સહાય મળશે**

**રૂપિયા ૯૦૦નાં ભાવે ઘરબેઠા ખેડૂતે ઘઉંનું કર્યુ વેચાણ**



અમરેલી, તા. ૧૬

છેલ્લા પાંચેક વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતાં અમરેલીના જેસીંગપરાના એક ખેડૂતે ગુજરાત ઓર્ગેનિક પ્રોડકટસ સર્ટિફિકેશન એજન્સી(GOPCA)નું Scope સર્ટિફિકેટ મેળવે છે અને આત્મા પ્રોજેકટના સહયોગથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરીમાં પોતાના ખેતરમાં થયેલા આ ઘઉંનું પૃથક્કરણ કરાવે છે. ઘઉંમાં જોવા મળતા ૨૨૮ ઝેરી તત્વોમાંથી એક પણ ઝેરી તત્વ આ ઘઉંમાં જોવા મળતા નથી, જેથી તેમના ઘઉંનું રૂા. ૯૦૦ના ઉંચા ભાવે ઘર બેઠા વેચાણ થયું. પ્રાકૃતિક કૃષિ કરતા ઘનશ્યામભાઈ ત્રાપસિયાએ હવે સાડા પાંચ વીઘામાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું મોટા પાયે મૂલ્યવર્ધન-પેકિંગ કરીને વેંચાણ કરવાનું આયોજન કર્યુ છે.

ઘનશ્યામભાઈ કહે છે કે, પ્રાકૃતિક કૃષિની કમાલ એ છે કે, કૃષિ પેદાશોના ભાવ સારો મળે છે. જેનો ખેડૂતોને આર્થિક રીતે સીધો ફાયદો થાય છે. ઉપરાંત જમીન ઝેર મુકત બનવાની સાથે પર્યાવરણનું રક્ષણ થાય છે, ખેતી ખર્ચ ઓછો થાય છે.

કેન્સર, ડાયાબિટીસ જેવા ગંભીર રોગોએ ભરડો લીધો છે, ત્યારે લોકો નિરોગી રહે તે માટે પ્રાકૃતિક ખેતી આવશ્યક અને અનિવાર્ય પણ બની છે. મારી જમીન અને તેમાંથી મળતા ઉત્પાદનો ઝેરમુકત બન્યા છે, તેનો આનંદ તેમણે વ્યકત કર્યો હતો.

ઘનશ્યામભાઈ ત્રાપસિયા વર્ષ-૨૦૧૮માં ગાંધીનગર ખાતે એક પ્રાકૃતિક કૃષિની શિબિરમાં સહભાગી બને છે અને પોતાની જમીનમાં કયારેય રાસાયણિક ખાતર કે દવા છંટકાવ ન કરવા માટે સંકલ્પબદ્ધ થયા હતા. આજે તેઓ ફાર્મર માસ્ટર ટ્રેનર બની અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે માર્ગદર્શન આપી રહ્યા છે. તેમણે પાંચ ગામમાં પ્રાકૃતિક કૃષિના પ્રચાર પ્રસારની જવાબદારી સંભાળી છે.

પ્રાકૃતિક કૃષિ પેદાશોની શુદ્ધતાને પ્રમાણિત કરતી એવી GOPCA સંસ્થાનું સર્ટિફિકેટ ઘનશ્યામભાઈએ મેળવ્યું છે, જે પ્રમાણપત્ર ભારે જહેમત બાદ મળે છે. એક ખાસ ટીમ ફાર્મની વિઝીટ અને નિયત માપદંડની ખરાઈ કર્યા બાદ આપે છે. આ પ્રકારના સર્ટિફિકેટ હોવાથી પ્રાકૃતિક પેદાશો પર લોકોનો ભરોસો વધે છે. ઘનશ્યામભાઈ ઘઉં, ચણા, વિવિધ કઠોળ, મગફળીની પ્રાકૃતિક ખેતી કરે છે. આ વર્ષે ખરીફ પાકમાં કપાસનું વાવેતર કર્યુ છે.

પ્રાકૃતિક ખેતીના હિમાયતી ઘનશ્યામભાઈ જણાવે છે કે, ગુજરાત રાજય સરકાર અને રાજયપાલ આચાર્ય દેવ વ્રતજી, પ્રાકૃતિક કૃષિના વ્યાપને વધરાવા માટે આ મહા અભિયાનને પ્રાથમિકતા આપે છે. સાથે જ પ્રાકૃતિક કૃષિ માટે ગાયના પાલન, પંચ સ્તરીય પાક માટે રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવી રહી છે. જેથી પ્રાકૃતિક ખેતીની મુહિમને વેગ મળે છે.

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

## પેરોલ પરથી ફરાર થયેલ કેદીને ઝડપી જેલ હવાલે કરાયો

**બાબરા વિસ્તારમાંથી થઈ અટકાયત**

અમરેલી, તા. ૧૬

પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા આગામી મહોરમનો તહેવાર અનુસંધાને જિલ્લામાં કોઈ ગંભીર પ્રકારનાં ગુન્હાઓ ન બને જેથી પેરોલ-ફર્લો જમ્પ થયેલ કેદીઓને ઝડપી પાડી જેલ હવાલે કરવા જરૂરી સુચના આપેલ હોય. જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પે. આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સપેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં નાસતા ફરતા



આરોપી તથા પેરોલ રજા પર ફરાર થયેલ કેદીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. ટીમ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. ૩૦૨, ૨૦૧ મુજબના ગુનાના કામે આજીવન કેદની સજા ભોગવતા અને પેરોલ રજા પરથી ફરાર થયેલ મધ્યસ્થ જેલ, રાજકોટના પાકા કામના કેદી કાનજીભાઈ ઉર્ફે કાનો ઉર્ફે પ્રકાશ ભીખાભાઈ ગોઠડીયા (રહે. સાવરકુંડલા) વાળાને ચોકકસ બાતમી આધારે બાબરા વિસ્તાર ખાતે આવેલ સરદાર સર્કલ પાસેથી પકડી પાડેલ છે.

### બે પરિવારો વચ્ચે થઈ માથાકૂટ

## કુંકાવાવ ખાતે સામાન્ય બાબતે બે પક્ષો વચ્ચે બઘડાટી બોલતા ફરિયાદ

**લોખંડનો પાઈપ, છરી જેવા હથિયારો સાથે મારામારી**

અમરેલી, તા. ૧૬

કુંકાવાવ ગામે રહેતા મનિષભાઈ બકાભાઈ વાઘેલાએ તે જ ગામે રહેતા અજમલભાઈ ભીખાભાઈ માથાસુરીયાના દિકરા અંકિત જાહેર બજારમાં મળતા તેની સાથે બોલાચાલી કરી માથાકુટ કરેલ હોય. જે બાબતે અજમલભાઈએ આરોપીને ઠપકો આપતા આરોપીઓને સારૂ નહી લાગતા અજમલભાઈના રહેણાંક મકાન પાસે એક સાથે આવી આરોપીએ હાથમાં લોંખડના પાઈપોના હથિયારો તથા લાકડીઓ તથા છરી સાથે ગેરકાયદે મંડળી રચી અને અજમલભાઈને હાથ પર લોખંડના પાઈપ, છરી મારી ઈજા કરી આરોપીઓએ એક સાથે મળી અને અજમલભાઈ તથા તેમના પત્નિ, પુત્ર વધુ તથા બન્ને પુત્રોને હથિયારો વતી આડેધડ મારી શરીરે મુંઢ ઈજાઓ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ જ બનાવમાં સામા પક્ષે મનિષભાઈ બકાભાઈ વાઘેલાએ સામાવાળા અંકિતભાઈ અજમલભાઈ માથાસુળીયા, અજમલભાઈ ભીમાભાઈ માથાસુળીયા તથા વિજયભાઈ અજમલભાઈ માથાસુળીયા સામે લોંખડના પાઈપના હથિયારો લઈ આવી માર મારીને દરમ્યાન ત્રણેય આરોપીઓએ આવી મનિષભાઈ તથા જગદિશભાઈ રાણકુભાઈ વાઘેલા તથા હિંમતભાઈ દાજીભાઈ તથા પ્રકાશ કિશોરભાઈને લોંખડના પાઈપ વતી માથાના ભાગે તેમજ શરીરે આડેધડ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.


A.P.C.C.S

માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન

ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફ્રુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
















### કેજરીવાલની ભવિષ્યવાણી સાચી ઠરશે!

# યોગીની ખુરશી ડગમગી, ભાજપમાં જબરદસ્ત નારાજગી

## ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યોએ યોગી મામલે સલાહ આપવાનું શરૂ કરી દીધું છે અને સવાલો ઉઠાવવા લાગ્યા છે

ઉત્તર પ્રદેશ, તા.૧૬

લોકસભા ચૂંટણીના પરિણામોએ ઉત્તર પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીને મોટો ફટકો આપ્યો છે. સપા-કોંગ્રેસ ગઠબંધનના શાનદાર પ્રદર્શન બાદ યોગી આદિત્યનાથની આગેવાનીવાળી સરકાર સામે સવાલો થઈ રહ્યાં છે. બે દિવસ પહેલા, યુપી વર્કિંગ કમિટીની બેઠકમાં, હજારો કાર્યકરોએ પરિણામોનું કારણ જાણવા માટે મંથન કર્યું અને આગામી ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેમના વિચારો શેર કર્યા હતા. જો કે, આ દરમિયાન, ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યોએ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સહયોગી અને મંત્રી સંજય નિષાદની સાથે વિધાન પરિષદના સભ્ય દેવેન્દ્ર પ્રતાપ સિંહે નોકરશાહી પર સવાલો ઉઠાવ્યા છે. આ પહેલાં ધારાસભ્ય રમેશ મિશ્રા અને પૂર્વ મંત્રી રાજેન્દ્ર સિંહે પણ સરકારની ફરી રચના અને ભ્રષ્ટાચારના મુદ્દે સવાલો ઉઠાવ્યા હતા. કેશવ પ્રસાદ મોર્યા દિલ્હીની નજીક અને યોગીથી દૂર થઈ રહ્યાં છે. કેશવ પ્રસાદ મોર્યે તો એટલે સુધી કહી દીધું છે કે સંગઠન એ સરકારથી ઉપર છે. તેઓ ફ્રન્ટફૂટ પર હાલમાં રમી રહ્યાં છે. BJP MLC દેવેન્દ્ર પ્રતાપ સિંહUP CM યોગીને પત્ર લખીને સવાલ ઉઠાવ્યા છે. બીજેપી એમએલસીએ પૂછ્યું કે અચાનક એવું શું થયું કે રાજ્યની જનતા તમારી સરકારથી નારાજ થઈ ગઈ છે. આ સાથે ઓનલાઈન હાજરીનો નિર્ણય પાછો ખેંચવાની સાથે જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવાની તેમને માગણી પણ કરી દીધી. તેમણે લખ્યું છે કે ઘણા કારણોએ એક સાથે મળીને ૨૦૨૪નું પરિણામ બગાડી દીધું છે. સીએમ યોગીને સલાહ આપતા એમએલસી દેવેન્દ્ર પ્રતાપ સિંહે પત્રમાં લખ્યું કે તમારે અધિકારીઓના ષડયંત્રથી બચવું પડશે. પ્રજાના મનમાં સરકારની છબી શિક્ષક અને કર્મચારીઓ વિરોધી બની ગઈ છે. આ માટે નોકરિયાતો જવાબદાર છે, તેમના દ્વારા લેવામાં આવેલા નિર્ણયોથી જનતા નારાજ છે. નોકરિયાતો દ્વારા લેવાયેલા નિર્ણયો સરકાર માટે અભિશાપ બની ગયા છે.

યોગી સરકારમાં કેબિનેટ મંત્રી અને નિષાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય નિષાદે ફરી એકવાર અધિકારીઓ પર જોરદાર પ્રહારો કર્યા છે. મંત્રી સંજય નિષાદે કહ્યું કે કેટલાક અધિકારીઓએ અંદરથી સાઈકલ, હાથી અને પંજાવાળા છે. જેઓ તક મળતાં જ ડંખ મારે છે. આ સાથે નિષાદ પાર્ટીના વડાએ કહ્યું કે લોકસભા ચૂંટણીમાં હારના ઘણા કારણો છે. તેમણે કહ્યું કે કાર્યકર્તા પાર્ટીની કરોડરજ્જુ છે.

અનામતના પ્રશ્ન પર સંજય નિષાદે કહ્યું કે કેટલાક અધિકારીઓ છે જે તેને જટિલ બનાવે છે, પરંતુ અમે તેને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ અધિકારીઓએ અન્ય પછાત જાતિઓમાં નિષાદનો સમાવેશ કર્યો છે. નિષાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય નિષાદે કહ્યું કે અમે સાથી પક્ષ છીએ. પાર્ટનર એટલે કે આપણે નફા-નુકસાનમાં સાથે રહીએ. આજે જ્યારે બેઠકો ઘટી છે ત્યારે હારમાં પણ અમે ભાજપ સાથે જ રહીશું. તે સાચું છે કે હારના કારણો પર ચિંતન કરવું જોઈએ. હારના ઘણા કારણો છે.

જૌનપુરની બદલાપુર સીટથી ભાજપના ધારાસભ્ય રમેશ મિશ્રાએ એક વીડિયો જાહેર કર્યો છે. તેમણે પોતાની જ પાર્ટીની વર્તમાન સ્થિતિને ખરાબ ગણાવી છે. ભાજપના ધારાસભ્યના મતે વર્તમાન સરકારની હાલત ખૂબ જ ખરાબ છે. આ સ્થિતિને જોતા લાગે છે કે ૨૦૨૭માં ભાજપની સરકાર નહીં બને. ધારાસભ્ય મિશ્રાએ કહ્યું છે કે ૨૦૨૭ની ચૂંટણી જીતવા માટે પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વએ મોટો નિર્ણય લેવો પડશે અને ઉત્તર પ્રદેશની ચૂંટણી પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. ભાજપના કાર્યકરો અને નેતાઓએ ચૂંટણીમાં પૂરા દિલથી ધ્યાન આપવું પડશે જેથી કરીને ફરીથી ભાજપની સરકાર બની શકે.

પ્રતાપગઢની પટ્ટી સીટના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી રાજેન્દ્ર પ્રતાપ સિંહ ઉર્ફે મોતી સિંહે ભ્રષ્ટાચારને લઈને પોતાની જ સરકાર પર જોરદાર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે અમારું આગામી લક્ષ્ય ૨૦૨૭ છે. વિધાનસભા ક્ષેત્રમાં મતદારોએ ભાજપની તરફેણમાં જબરજસ્ત મતદાન કર્યું હતું. તેમણે કહ્યું કે મતદારો અને ભાજપના કાર્યકર્તાઓનું ખરેખર સન્માન ત્યારે જ થશે જ્યારે પોલીસ સ્ટેશન અને તાલુકામાંથી ભ્રષ્ટાચાર નાબૂદ થશે.

તેમણે કહ્યું કે મને એ કહેવામાં કોઈ સંકોચ નથી કે મેં મારા ૪૨ વર્ષના રાજકીય જીવનમાં ક્યારેય પોલીસ સ્ટેશનો અને તાલુકાઓમાં આવો ભ્રષ્ટાચાર જોયો નથી. આવા ભ્રષ્ટાચારની ક્યારેય કલ્પના નહોતી. આ અકલ્પનીય છે. જિલ્લાઓમાં વીજ થાના ખુલી ગયા છે. જો આપણે ઘરમાં બલ્બ વધારે સળગાવીએ તો વીજળી થાણા વાળા પહોંચી જાય છે. કેસ કરવાની ધમકી આપી વસૂલી કરે છે. શું આપણે ગુનેગારો છીએ જેઓ આપણી સામે પગલાં લઈ રહ્યા છે? પોલીસ સ્ટેશનો અને તાલુકાઓમાં ભ્રષ્ટાચારનો અંત આવશે ત્યારે જ મતદારોને સાચા અર્થમાં સન્માન મળી શકશે. આ દરમિયાન મોટી સંખ્યામાં પાર્ટીના પદાધિકારીઓ, કાર્યકરો અને મતદારો હાજર રહ્યા હતા.

---

### જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓનો આતંક હજી યથાવત

# જમ્મુ-કાશ્મીરમાં જવાનો અને આતંકીઓ વચ્ચે અથડામણ

## ડોડામાં ૪ જવાનોના મોત, પાકિસ્તાનના કાશ્મીરી ટાઈગર્સ ગ્રુપે હુમલાની જવાબદારી સ્વીકારી

જમ્મુ-કાશ્મીર, તા.૧૬

જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓનો આતંક હજી યથાવત છે. અહીં આતંકવાદીઓ સાથે થયેલી અથડામણમાં ચાર જવાનોના મોત થયા છે. મૃતકોમાં એક આર્મી અધિકારી અને એક પોલીસ કર્મચારી પણ શહિદ થયા છે. જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં આ એક્રાઉન્ટર થયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ આતંકવાદીઓ મોટા પાયે હથિયારો લઈને આવ્યા હતા. કાશ્મીરી ટાઈગર્સે આ હુમલાની જવાબદારી લીધી છે. કાશ્મીરી ટાઈગર્સ પાકિસ્તાનના આતંકવાદી ગ્રુપ જૈશે-એ-મોહમ્મદની ભગીની સંસ્થા છે.

સોમવારે સાંજે રાષ્ટ્રીય રાઈફલ્સ એન્ડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ડોડા ગામથી ૫૫ કિલોમીટર દૂર ધારી ગોટે ઉરબંગી જે દેશા જંગલ વિસ્તારમાં આવેલું છે, તેને ચારેય બાજુથી ઘેરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીર ગ્રુપે વિવિધ સર્ચ ઓપરેશન માટે રાષ્ટ્રીય રાઈફલ્સ એન્ડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ બનાવ્યું છે. આતંકવાદીઓએ નાશી છુટવા માટે ફાયરિંગ કર્યું હતું. જોકે તેમ છતાં જવાનોએ આતંકીઓનો પીછો કર્યો હતો. બાદમાં સાંજે ૯ વાગ્યાની આસપાસ ફરીથી જવાનો અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ હતી. અહીં સર્ચ ઓપરેશન કરવું પહાડી વિસ્તારને કારણે સરળ નહોતું છતાં આર્મીએ આતંકીઓને ટક્કર આપી હતી. આ અંગે એક અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ અથડામણમાં ૫ જવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે ૪ જવાનોના મોત થયા હતા. કાશ્મીરી ટાઈગર્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે જવાનોએ આતંકીઓની સર્ચ શરૂ કરી ત્યાર પછીથી એક્રાઉન્ટર થયું હતું. ઉલ્લેખનીય છે કે કઠુઆમાં ૯ જુલાઈના રોજ કાશ્મીરી ટાઈગર્સ ગ્રુપે જ આર્મીના કાફલા પર હુમલો કર્યો હતો.

આર્મીએ કુપવારા જિલ્લાની લાઈન ઓફ કન્ટ્રોલ(LOC) પરથી ભારતમાં ઘુસણખોરી કરવાની કોશિશ કરતા ત્રણ આતંકીઓને ૧૪ જુલાઈએ ઠાર કર્યા હતા. કઠુઆમાં ૮ જુલાઈએ આર્મીના કાફલા પર આતંકીઓએ હુમલો કર્યો હતો. જેમાં ૫ જવાનોના મોત થયા હતા. ૬ જુલાઈના રોજ છ આતંકીઓના એક્રાઉન્ટરમાં મોત થયા હતા. આ એક્રાઉન્ટરમાં બે જવાનોના પણ મોત થયા હતા.

---

### મંત્રી મનીષ ગોબિને સ્વાગત કર્યું હતું

# વિદેશ મંત્રી એસ જયશંકર બે દિવસની મુલાકાતે મોરેશિયસ પહોંચ્યા

## ભારત અને મોરેશિયસ વચ્ચેના વિશેષ સંબંધોને આગળ વધારવા માટે “અર્થપૂર્ણ વાટાઘાટો” કરવા બે દિવસીય મુલાકાતે મંગળવારે અહીં પહોંચ્યા

નવીદિલ્હી, તા.૧૬

વિદેશ મંત્રી એસ જયશંકર ભારત અને મોરેશિયસ વચ્ચેના વિશેષ સંબંધોને આગળ વધારવા માટે “અર્થપૂર્ણ વાટાઘાટો” કરવા બે દિવસીય મુલાકાતે મંગળવારે અહીં પહોંચ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારના ત્રીજા કાર્યકાળમાં વિદેશ પ્રધાન તરીકે પુનઃનિયુક્ત થયા પછી, જયશંકર હિંદ મહાસાગરના ટાપુ રાષ્ટ્રની તેમની મુલાકાત દરમિયાન પ્રથમ દ્વિપક્ષીય બેઠક કરશે. આ મુલાકાત ભારત-મોરેશિયસ સંબંધોના મહત્વને રેખાંકિત કરે છે અને ‘નેબરહુડ ફર્સ્ટ પોલિસી’, ‘વિઝન સાગર’ અને ‘ગ્લોબલ સાઉથ’ (ઓછામાં ઓછા વિકસિત દેશો) માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

મોરેશિયસના વિદેશ, પ્રાદેશિક એકીકરણ અને આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનીષ ગોબિને એરપોર્ટ પર જયશંકરનું સ્વાગત કર્યું. તસવીરો શેર કરતી વખતે જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ઠ’ પર લખ્યું, “હેલો મોરિશિયસ. ઉષ્માભર્યું સ્વાગત કરવા બદલ વિદેશ મંત્રી મનીષ ગોબિનનો આભાર.” તેમણે કહ્યું, ”આ ખાસ સંબંધને આગળ વધારવા અર્થપૂર્ણ વાટાઘાટોની આશા છે.” તે જ સમયે ગોબિને ‘X’ પર એક પોસ્ટમાં કહ્યું કે જયશંકરની મુલાકાત બંને દેશો વચ્ચેની “મજબૂત અને કાયમી” ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું, “મૉરિશિયસમાં જયશંકરનું સ્વાગત કરતાં મને આનંદ થાય છે. તેમની મુલાકાત આપણા દેશો વચ્ચેની મજબૂત અને કાયમી ભાગીદારીને દર્શાવે છે. સાથે મળીને અમે અમારા સંબંધોને મજબૂત કરવાનું ચાલુ રાખીશું અને સહકારના નવા રસ્તાઓ શોધીશું.” મુલાકાત દરમિયાન, જયશંકર મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ જગનાથને મળશે અને અન્ય વરિષ્ઠ પ્રધાનો સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. વિદેશ મંત્રાલયે જયશંકરની મુલાકાત પહેલા નવી દિલ્હીમાં એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે, “આ મુલાકાત દરમિયાન જયશંકર મોરેશિયસના અન્ય અગ્રણી નેતાઓ સાથે પણ વાતચીત કરશે. આ મુલાકાત બંને પક્ષોને દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓનો વ્યાપકપણે હિસ્સો લેવાની તક પૂરી પાડશે.” મંત્રાલયે કહ્યું હતું કે આ મુલાકાત બંને દેશોને બહુ-પરિમાણીય દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા અને નજીકના લોકોને ગાઢ બનાવવાની તક પૂરી પાડશે. ની સતત પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે જયશંકરની મુલાકાત પહેલાં, મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ જગનાથ વડા પ્રધાન મોદીની આગેવાની હેઠળના નવા પ્રધાનમંડળના શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા માટે ભારત ગયા હતા. જયશંકર અગાઉ ફેબ્રુઆરી, ૨૦૨૧માં મોરેશિયસ ગયા હતા

---

### સુપ્રીમ કોર્ટમાં હાલમાં ૩૨ જજ છે

# સુપ્રીમ કોર્ટને મળ્યા ૨ નવા જજ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ નિમણૂંકને આપી મંજૂરી

## જસ્ટિસ એન. કોટીશ્વર સિંહ અને જસ્ટિસ આર. મહાદેવનની સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ

નવી દિલ્હી, તા.૧૬

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂએ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં બે નવા જજોની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. જસ્ટિસ એન. કોટીશ્વર સિંહ અને જસ્ટિસ આર. મહાદેવનની સુપ્રીમ કોર્ટમાં નિમણૂકને મંજૂરી મળી છે. નિમણૂક બાદ જસ્ટિસ સિંહ મણિપુરમાંથી સુપ્રીમ કોર્ટના જજ બનનાર પ્રથમ વ્યક્તિ હશે. હકીકતમાં, સુપ્રીમ કોર્ટ કોલેજિયમે કેન્દ્ર સરકારને જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એન કોટીશ્વર સિંહ અને મદ્રાસ હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ આર. મહાદેવનને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડના નેતૃત્વ હેઠળના કોલેજિયમે ૧૧ જુલાઈએ તેમના નામોની ભલામણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સહિત ૩૪ જજોના પદોને મંજૂરી આપવામાં આવી છે. આ બંને શપથ ગ્રહણ કર્યા બાદ જજની તમામ જગ્યાઓ ભરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના કોલેજિયમના અન્ય સભ્યોમાં જસ્ટિસ સંજીવ ખન્ના, બી.આર.ગવઈ, સૂર્યકાંત અને હૃષિકેશ રાય છે. સુપ્રીમ કોર્ટમાં હાલમાં ૩૨ જજ છે.જસ્ટિસ સિંહનો જન્મ ૧ માર્ચ, ૧૯૬૩ના રોજ મણિપુરના ઈમ્ફાલમાં થયો હતો. તેમના પિતાનું નામ (સ્વર્ગસ્થ) જસ્ટિસ એન. ઈબોટોમ્બી સિંહ હતું, જે ગુવાહાટી હાઈકોર્ટના પ્રથમ એડવોકેટ જનરલ હતા અને તેમના પિતાનું નામ એન. ગોમતી દેવી હતું. ગુવાહાટી હાઈકોર્ટમાં જતા પહેલા તેમણે થોડો સમય સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરી હતી. ૨૦૦૮માં ગુવાહાટી હાઈકોર્ટ દ્વારા તેમને વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦૧૧માં જસ્ટિસ સિંહે ગુવાહાટી હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે શપથ લીધા હતા અને ૨૦૧૨માં તેમને કાયમી જજ બનાવવામાં આવ્યા હતા.

---

### કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનનું નિવેદન

# બિહારમાં પુલોનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો

## ગુણવત્તા સાથે જો સમાધાન થયું છે તો તેનો અર્થ છે કે ક્યાંક ને ક્યાંક તો ભ્રષ્ટાચાર થયો

બિહાર, તા.૧૬

ચોમાસાનો વરસાદ શરૂ થતાં જ બિહાર ચર્ચામાં આવી ગયું હતું. તેનું કારણ હતું ત્યાં નદીઓ પર બનેલા પુલોનું સતત ધરાશાયી થવું. ત્યાં ગત ૧૫ દિવસોમાં અલગ-અલગ નદીઓ પર બનેલા ડઝન પુલ પાણીમાં સમાઈ ગયા. આ પુલોના પાણીમાં છપાક થઈ ગયા બાદ હવે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પોતાના વિચાર મૂક્યા છે. જમુઈથી સાંસદ ચિરાગે કહ્યું કે આ મુદ્દે જવાબદારી નક્કી થવી જ જોઈએ.લોજપાના અધ્યક્ષ ચિરાગ પાસવાન ઘણા મુદ્દા પર ખુલીને વાત કરતાં નજર આવ્યા. બિહારમાં પુલ પડવા પર ચિરાગે કહ્યું, જે રીતે રાજ્યમાં પુલ પડી રહ્યાં છે. એક બાદ એક રીતે તેની જવાબદારી નક્કી થવી જ જોઈએ. તેમણે વધુમાં કહ્યું, ગુણવત્તા સાથે જો સમાધાન થયું છે તો તેનો અર્થ છે કે ક્યાંક ને ક્યાંક તો ભ્રષ્ટાચાર થયો છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં આ પુલોનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચી ગયો છે. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે એક અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં નિર્માણાધીન પુલોનું ઓડિટ કરાવવાની માગ સાથે-સાથે એ પણ કહેવામાં આવ્યું છે કે કમજોર અને જૂના પુલોનું ફરીથી નિર્માણ કરાવવામાં આવે.

---

### ક્રિકેટરો સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

# ઈન્ડિયન ક્રિકેટ ટીમના ચાર દિગ્ગજ ખેલાડીઓ વિવાદમાં

## વાયરલ વિડિયોમાં દિવ્યાંગ લોકોની મજાક ઉડાવવાના મામલે થયો વિવાદ

નવી દિલ્હી, તા.૧૬

તાજેતરમાં સમાપન થયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લેજન્ડ્સ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાનને પછાડ્યા બાદ ચેમ્પિયન બનેલી દિગ્ગજ ખેલાડીઓની ટીમ ઈન્ડિયાના કેટલાક ખેલાડીઓ હવે નવા કારણોસર ચર્ચામાં આવી ગયા છે. જેમાં ખાસ કરીને યુવરાજ સિંહ, હરભજન સિંહ અને સુરેશ રૈના એક મોટા વિવાદમાં સંપડાઈ ગયા છે.

સમગ્ર મામલાની વાત કરીએ તો ટુર્નામેન્ટ જીત્યાં બાદ તેની ઉજવણી કરવામાં આ ખેલાડીઓ કંઈક એવું કરી બેઠાં જેની જરૂર નહોતી. ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ખેલાડી હરભજન સિંહ શેર કરેલા વીડિયોમાં જોઈ શકાતું હતું કે હરભજન સિંહ, યુવરાજ સિંહ અને સુરેશ રૈના તથા ગુરકીરત માન દિવ્યાંગ લોકોની મજાક બનાવી રહ્યા છે. તેમાં તાજેતરના એક લોકપ્રિય ગીત પર આ મજાક બનાવવાનો પ્રયાસ કરાયો હતો જેના લીધે તેઓ ટીકાકારોના નિશાને આવી ગયા છે. આ ચારેય વરિષ્ઠ ખેલાડીઓ સામે હવે પોલીસમાં એફઆઈઆર પણ નોંધાવવામાં આવી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે આ ચારેય ખેલાડીઓ જ્યાં જીતની ઉજવણી કરી રહ્યા હતા ત્યારે એક ગીત પર ડાન્સ કરવાની જગ્યાએ તેઓ લંગડાતા અને દિવ્યાંગની જેમ નકલ કરતાં કરતાં દેખાયા હતા. ત્યારે હરભજને આ વીડિયો સાથે કેપ્શનમાં લખ્યું હતું કે ૧૫ દિવસ સુધી લેજન્ડ્સ ક્રિકેટ રમ્યા બાદ મારું શરીર થાકી ગયું છે. આ વીડિયોને કારણે દિવ્યાંગોને ભારે ઝટકો લાગ્યો હતો અને સોશિયલ મીડિયા પર કોમેન્ટ્સનું પૂર આવી ગયું હતું. ભારતની પ્રખ્યાત પેરા એથ્લેટ માનસી જોશીએ આ ખેલાડીઓને ફટકાર લગાવતા કહ્યું કે પોલિયોથી પીડિત વિકલાંગ લોકોની આ રીતે મજાક ઉડાવવી એ સારી વાત નથી. આ સિવાય ભારતીય પેરાલિમ્પિક સંઘે પણ આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને ખેલાડીઓને ઠપકો આપ્યો હતો.

હવે આ મામલે વિકલાંગ લોકો માટે કામ કરતી સંસ્થા ‘નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ એમ્પ્લોયમેન્ટ ફોર ડિસેબલ્ડ પીપલ’ એ ચારેય ક્રિકેટરો સામે નવી દિલ્હીના અમર કોલોની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ સિવાય ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટા સામે પણ આવો વીડિયો પોસ્ટ કરવાની પરવાનગી આપવા બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

વીડિયો અંગે હોબાળો થતાં હરભજન સિંહે ઈન્સ્ટાગ્રામ પર તાત્કાલિક નિવેદન જારી કરી માફી માગતા કહ્યું કે મારો અને મારા સાથીઓનો ઈરાદો વિકલાંગોની મજાક બનાવવાનો નહોતો. અમે એટલું જ કહેવા માગતા હતા કે સતત ક્રિકેટ રમ્યા બાદ અમે થાકી ગયા છે. જેના કારણે અમારું શરીર આવુ થઈ ગયું છે. જો અમારા વીડિયોથી કોઈને દુઃખ પહોંચ્યું હોય તો અમે તેના માટે માફી માંગીએ છીએ. છેવટે હરભજને વિવાદ વધતો જોઈને વીડિયો ડિલીટ કર્યો હતો.

---

### મનીષ સિસોદિયાની જામીન અરજીનો મામલો

# સુપ્રીમ કોર્ટે CBI-EDને નોટિસ ફટકારી, ૨૯ જુલાઈએ હાથ ધરાશે વધુ સુનાવણી

## મનીષ સિસોદિયાએ બંને તપાસ એજન્સીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં જામીન માંગ્યા છે

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદીયાની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટેમાં મંગળવારે સુનાવણી થઈ હતી. દિલ્હી લીકર પોલીસી મામલામાં જેલમાં બંધ સિસોદિયાની અરજી પર સુપ્રીમ કોર્ટે સીબીઆઈ અને ઈડીને નોટીસ ફટકારી છે.મનીષ સિસોદિયાએ બંને તપાસ એજન્સીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં જામીન માંગ્યા છે. આ મામલામાં વધુ સુનાવણી હવે ૨૯ જુલાઈએ થશે. લીકર પોલીસી સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં ઈડીએ સિસોદિયા ઉપર કેસ નોંધાવ્યો છે. જ્યારે સીબીઆઈએ ભ્રષ્ટ્રાચારના કેસમાં આપ નેતા પર કેસ નોંધાવ્યો છે. દિલ્હી લીકર પોલીસીને હવે રદ કરવામાં આવી છે. જોકે તેમાં કથિત કૌભાંડના આરોપમાં આપના ઘણા નેતા જેલમાં છે. દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના ચીફ અરવિંદ કેજરીવાલ પણ લીકર પોલીસી મામલામાં જેલમાં બંધ છે. રાજ્યસભા સાંસદ સંજય સિંહ પણ આ કેસમાં જેલમાં જઈ ચુક્યા છે અને હાલ જામીન પર બહાર છે. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની ખંડપીઠે મનીષ સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી કરી હતી. આપ નેતા તરફથી હાજર થયેલા વકીલ વિવેક જૈને દલીલ કરી હતી કે તેમના અસીલ છેલ્લા ૧૬ મહીનાથી જેલમાં બંધ છે. તેમની વિરુદ્ધ કેસ તે સ્ટેજમાં છે, જેવો તે ઓક્ટોબર ૨૦૨૩માં હતો. ગત ઓક્ટોબરમાં કોર્ટે કહ્યું હતું કે જો કેસ આગળ વધતો નથી, તો સિસોદિયા જામીન માટે અપીલ કરી શકે છે. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે સિસોદિયાના વકીલની દલીલો સાંભળ્યા પછી કેન્દ્રીય તપાસ એજન્સી એટલે કે ઈડી અને સીબીઆઈને નોટીસ ઈસ્યુ કરી અને તેની પાસેથી જવાબ માંગ્યો છે. કોર્ટે આ મામલામાં વધુ સુનાવણી ૨૯ જુલાઈએ નક્કી કરી છે. મનીષ સિસોદિયાની ગત વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ અંતર્ગત ધરપકડ કરી હતી. તેઓ દિલ્હી સરકારમાં એક્સાઈસ મિનિસ્ટર હતા. જેના કારણે લીકર પોલીસી કેસ સાથે જોડાયેલા તાર તેમના સુધી પહોંચી ગયા છે. ધરપકડ પછી સિસોદિયાએ ૨૮ ફેબ્રુઆરીએ મંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. ગત વર્ષે ૯ માર્ચે જ સીબીઆઈએ લીકર પોલીસી કેસના મામલામાં સિસોદિયાની ધરપકડ કરી હતી.

---

### ડોનાલ્ડ ટ્રમ્પ ફરી પાછા મેદાનમાં

# પટ્ટો બાંધીને પહોંચ્યા રિપબ્લિકન નેશનલ કન્વેશનમાં, તાળીઓથી કરાયું સ્વાગત

## ૧૩ જુલાઈએ પેન્સિલ્વેનિયાની રેલી દરમિયાન ટ્રમ્પ પર ગોળી ચલાવવામાં આવી હતી. આ હુમલામાં ગોળી ટ્રમ્પના કાનને ચીરીને નીકળી ગઈ હતી

યુએસએ, તા.૧૬

પેન્સિલ્વેનિયાની રેલીમાં હુમલા પછી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વખત સોમવારે કાન પર પટ્ટો બાંધીને રિપબ્લિકન નેશનલ કન્વેશન પહોંચ્યા છે. આ દરમિયાન લોકોએ તાળીઓથી તેમનું સ્વાગત કર્યું હતું. મિલ્વૈકીમાં જ્યારે ટ્રમ્પ પહોંચ્યા તો તેમના જમણા કાન પર પટ્ટો બાધેલો હતો. તેમના સ્વાગત માટે ગોડ બ્લેસ ધ યુએસએ ગીત પણ વાગી રહ્યું હતું. ૧૩ જુલાઈએ પેન્સિલ્વેનિયાની રેલી દરમિયાન ટ્રમ્પ પર ગોળી ચલાવવામાં આવી હતી. આ હુમલામાં ગોળી ટ્રમ્પના કાનને ચીરીને નીકળી ગઈ હતી.

આ હુમલાના ૪૮ કલાક પછી રિપબ્લિકન પાર્ટીએ તેમને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ચૂંટ્યા છે. આ દરમિયાન ઈદ્રઝમાં ટ્રમ્પના પહોંચતા જ સમર્થકોએ USA-USAના નારા લગાવ્યા હતા. સાથે જ ટ્રમ્પની જેમ હવામાં મુઠ્ઠી લહેરાવતા લોકો લડો-લડો કહેતા જોવા મળ્યા હતા. કન્વેશન સેન્ટરથી ટ્રમ્પના જવા દરમિયાન લોકોએ વી લવ ટ્રમ્પના નારા પણ લગાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ૫ નવેમ્બરે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી થવાની છે. આ કારણે હાલ અમેરિકામાં ઘણી રાજકીય હલચલ થઈ રહી છે. ચૂંટણી પહેલા ટ્રમ્પને રિપબ્લિકન ઉમેદવાર તરીકે ચૂંટવામાં આવ્યા છે. તેમણે જેડી વેન્સને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ ઉમેદવાર તરીકે ચૂંટ્યા છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે આ નિર્ણય લાંબા વિચાર-વિમર્શ પછી અને સમજી વિચારીને લીધો છે.

ઉપરાષ્ટ્રપતિ પદ માટેની જાહેરાત પછી ૩૯ વર્ષના જેમ્સ ડેવિડ વેન્સના નામનો કોઈએ પણ વિરોધ કર્યો નહોતો. વેન્સ ૨૦૨૨માં પ્રથમ વખત ઓહાયોથી સીનેટર ચૂંટાયા હતા. તેમને ટ્રમ્પના નજીકના ગણવામાં આવે છે. જોકે તે ટ્રમ્પ સમર્થક બનતા પહેલા ૨૦૨૧ સુધી કટ્ટર વિરોધી રહ્યાં હતા. બીજી તરફ મૂળ ભારતીયોમાં વિવેક રામાસ્વામી અને નિક્કી હેલીનું નામ હતું. જોકે તેમને ચૂંટવામાં આવ્યા નહોતા.

તપાસ એજન્સી એફબીઆઈએ કહ્યું કે ટ્રમ્પ પર થયેલા ગોળીબારના હેતુની તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રોએ ન્યુયોર્ક પોસ્ટને જણાવ્યું કે પકડાયેલા હુમલાખોર થોમસ મેથ્યુ ક્રૂક્સના ફોનમાંથી કોઈ જ સ્પષ્ટીકરણ મળ્યું નથી. અધિકારીઓ હવે તેનું પગેરું શોધવા ક્રૂક્સના લેપટોપની તપાસ કરી રહ્યાં છે. જે દિવસે તેણે ગોળીબાર કર્યો હતો, શંકાસ્પદે અલેધેની આર્મ્સ એન્ડ ગન વર્ક્સ પાસેથી ૫૦ બુલેટ્સ અને હોમ ડેપો ખાતેથી એક સીડી ખરીદી હતી. આ તે જ સીડી છે, જેનો ઉપયોગ ક્રુક્સે ફેક્ટ્રીની છત પર ચઢવા માટે કર્યો હતો, ત્યાંથી તેણે ટ્રમ્પ પર ફાયરિંગ કર્યું હતું.

### એસ્ટ્રોન ચોકનું નાળું થયું બંધ, વાહન ચાલકો પરેશાન

# રાજકોટ શહેર ધોધમાર વરસાદથી જળબંબાર થયું

## યાજ્ઞિક રોડ, હેમુગઢવી હોલ પાસે દોઢથી બે ફૂટના પાણી ભરાયા છે આ સિવાય શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાવાના શરૂ થયા છે

રાજકોટ, તા.૧૬

રાજકોટ શહેરમાં ધોધમાર વરસાદ છે, જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે.યાજ્ઞિક રોડ અને એસ્ટ્રોન ચોક પાસે પામી ભરાયા છે. એસ્ટ્રોન ચોકનું ગરનાળું પાણી ભરાતા બંધ કરવામાં આવ્યું છે. ભારે વરસાદના કારણે રાજકોટ શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. યાજ્ઞિક રોડ, હેમુગઢવી હોલ પાસે દોઢથી બે ફૂટના પાણી ભરાયા છે. આ સિવાય શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાવાના શરૂ થયા છે. શહેરના વિવિધ માર્ગો પર પાણી ભરાતા વાહન ચાલકો પરેશાન થઈ ગયા છે.

હવામાન વિભાગ દ્વારા આજે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે સુરત, નવસારી, વલસાડ, છોટાઉદેપુર, દમણ, દાદરા નગર હવેલી, જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, દીવમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. વડોદરા, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, રાજકોટ, જામનગર, પોરબંદર, દ્વારકા અને બોટાદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ જણાવ્યું કે,૧૬થી ૨૦ જુલાઈ સુધી અતિભારે વરસાદ ખાબકશે. રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને બેટીંગ કરશે. કેટલાક વિસ્તારોમાં ૧૫ ઈંચ વરસાદ ખાબકશે. સૌરાષ્ટ્ર, દ.ગુજરાત, અને મધ્ય ગુજરાતમાં આગાહી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૬ થી ૧૮ જુલાઈ સુધી અતિભારે વરસાદ પડી શકે છે અને ત્યાર બાદ ૨૦ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદ ખાબકશે તેવી આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, આણંદમાં પણ અતિભારે વરસાદ નોંધાય તેવી પણ શક્યતાઓ છે.

હવામાન વિભાગ દ્વારા મંગળવારે સવારે જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. રાજ્યમા સૌથી વધુ સુરતના ઉમરપાડામાં વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ વરસ્યો છે. ભરૂચના નેત્રંગમાં સાડા સાત ઈંચ, નર્મદાના ગરૂડેશ્વરમાં છ ઈંચ, નર્મદાના નાંદોદમાં સવા પાંચ ઈંચ, નર્મદાના તિલકવાડામાં સવા ચાર ઈંચ, નવસારીના ચીખલીમાં ચાર ઈંચ, અમરેલીના લીલીયામાં પોણા ચાર ઈંચ, સુરતના મહુવામાં પોણા ચાર ઈંચ, સાબરકાંઠાના વિજયનગરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

### રાજ્યમાં ૪૭ તાલુકામાં પડ્યો નોંધપાત્ર વરસાદ

# ગીરસોમનાથમાં ખાબક્યો ૫ ઈંચ તો જુનાગઢના માંગરોળમાં પડ્યો ૩ ઈંચ વરસાદ

## રાજ્યના અનેક તાલુકાઓમાં મેઘરાજા મનમુકીને વહાલ વરસાવી રહ્યા છે આજના દિવસે રાજ્યના ૪૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે

અમદાવાદ, તા.૧૬

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં સર્વત્ર વરસાદી માહોલ જામ્યો છે. આજે રાજ્યના ૪૭ તાલુકામાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે. ગીરસોમનાથમાં ધમાકેદાર બેટીંગ કરતા એકસાથે ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે જુનાગઢના માંગરોળમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં ૪૮ કલાકની સાર્વત્રિક વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્યના અનેક તાલુકાઓમાં મેઘરાજા મનમુકીને વહાલ વરસાવી રહ્યા છે. આજના દિવસે રાજ્યના ૪૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. રાજ્યના ૬ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જ્યારે સૌથી વધુ ગીરસોમનાથમાં ૫ ઈંચ વરસાદ પડ્યો છે. જુનાગઢના માંગરોળમાં ૩ અને માળિયાહીટીનામાં ૨ ઈંચ વરસાદ પડ્યો છે.જુનાગઢની વાત કરીએ તો અહીં મેઘરાજાએ જમાવટ કરી છે. જુનાગઢના માંગરોળમાં મેઘરાજા મન મુકીને વરસ્યા. હવામાન વિભાગના આંકડા મુજબ માંગરોળમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. જે બાદ અનેક નીચાણવાળા વિસ્તારો પાણી-પાણી થયા છે. આ તરફ ટાવરચોક, બસસ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાયા. જ્યારે માળીયા હાટીનામાં પણ ૨ ઈંચ વરસાદ વરસ્યો છે. અસહ્ય ગરમી વચ્ચે મેઘમહેર થતા નાગરિકોએ રાહતનો અનુભવ કર્યો.

ગીર સોમનાથમાં પણ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ રાજ્યમાં સૌથી વધુ ગીરસોમનાથમાં ૫ ઈંચ વરસાદ વરસ્યો છે. વેરાવળ, સુત્રાપાડામાં પણ વરસાદના અહેવાલ છે. વેરાવળમાં ધોધમાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા. સટ્ટાબજાર, સુભાષ રોડ, લોહાણા હોસ્પિટલ રોડ પણ પાણીમાં ગરકાવ થયો. મેઘરાજા જાણે કે મહાદેવ પર જળાભિષેક કરતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા અને તપેશ્વર મહાદેવ મંદિરમાં પાણી ઘુસ્યા. લાંબા વિરામબાદ વરસાદ થતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

### ભારતે પેલેસ્ટાઈનને ઘણી મદદ કરી!

# ૨૫ લાખ ડોલરનો પ્રથમ હપ્તો બહાર પાડવામાં આવ્યો

## ભારતે પેલેસ્ટિનિયન શરણાર્થીઓ માટે યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સીને $2.5 મિલિયનની નાણાકીય સહાય જાહેર કરી છે

નવી દિલ્હી, તા.૧૬

ગાઝામાં ચાલી રહેલા વિરોધ વચ્ચે, ભારતે પેલેસ્ટિનિયન શરણાર્થીઓ માટે યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી (UNRWA) ને $2.5 મિલિયનની નાણાકીય સહાય જાહેર કરી છે. વર્ષ 2024-25માં પેલેસ્ટિનિયન શરણાર્થીઓને મદદ કરવા માટે ભારત દ્વારા આ પ્રથમ હપ્તો બહાર પાડવામાં આવ્યો છે. ભારત આ વર્ષે UNRWA દ્વારા પેલેસ્ટિનિયન શરણાર્થીઓને 5 મિલિયન ડોલરની સહાય આપશે, જે મુજબ આ 25 મિલિયન ડોલરનો પ્રથમ હપ્તો છે. ખાસ વાત એ છે કે ભારત પેલેસ્ટાઈનને સતત મદદ કરી રહ્યું છે. ગયા વર્ષે પણ ભારતે પેલેસ્ટિનિયન શરણાર્થીઓને 5 મિલિયન ડોલરની સહાય પૂરી પાડી હતી.નોંધનીય છે કે તાજેતરમાં જ ન્યુયોર્કમાં UNRWA દ્વારા એક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતે વર્ષ 2024-25માં 50 લાખ ડોલરની માનવતાવાદી સહાય આપવાની જાહેરાત પણ કરી હતી. 2023-24 સુધીમાં, ભારતે પેલેસ્ટિનિયન શરણાર્થીઓને મદદ કરવા માટે $35 મિલિયનની માનવતાવાદી સહાય પૂરી પાડી છે.તે જાણીતું છે કે ભારત તરફથી આ સહાયની રકમ સીધી પેલેસ્ટાઈન ઓથોરિટીને નહીં પરંતુ યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સીને સોંપવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રની આ એજન્સી 1950થી રજિસ્ટર્ડ પેલેસ્ટિનિયન શરણાર્થીઓ માટે રાહત અને સહાયતાનું કામ કરી રહી છે.ઘણા દેશો સ્વેચ્છાએ આ એજન્સીને માનવતાવાદી સહાય માટે નાણાં મોકલે છે, જેમાં ભારતનું નામ પણ સામેલ છે. ગયા વર્ષે પણ, આ એજન્સીને ભારત દ્વારા 50 લાખ ડૉલરની સહાય આપવામાં આવી હતી, જેમાંથી 25 લાખ ડૉલરનો પહેલો હપ્તો નવેમ્બર 2023માં અને 25 લાખ ડૉલરનો બીજો હપ્તો ડિસેમ્બર 2023માં રિલીઝ કરવામાં આવ્યો હતો.જો કે, જ્યારે ગાઝામાં ઈઝરાયેલ-હમાસ યુદ્ધ ચાલુ રહે છે, ત્યારે એજન્સી માટે કામ કરવું મુશ્કેલ બની જાય છે. તેમ છતાં, સંયુક્ત રાષ્ટ્રની આ એજન્સી યુદ્ધથી પીડિત લોકોને રાહત આપવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે.

યુનાઈટેડ નેશન્સ એજન્સીનું કહેવું છે કે ઈઝરાયેલની નાકાબંધીને કારણે માનવતાવાદી સહાયથી ભરેલી ટ્રકો ગાઝા પટ્ટી સુધી પહોંચવી ખૂબ જ મુશ્કેલ છે. જેના કારણે ગાઝામાં લોકોનું જીવન મુશ્કેલ બની ગયું છે.

### આબુને લઈને ચેતવણીજનક સમાચાર આવ્યા

# માઉન્ટ આબુમાં ફરવા ગયેલા ગુજરાતીઓ પર હુમલો થયો

અમદાવાદ, તા.૧૬

ગુજરાતીઓ માટે માઉન્ટ આબુ પ્રીતિપાત્ર સ્થળ છે. રજા મળી નથી કે વીકેન્ડ મળ્યો નથી કે ગુજરાતી માઉન્ટ આબુ ફરવા ઉપડ્યા નથી. પણ હવે ગુજરાતીઓ માટે માઉન્ટ આબુને લઈને ચેતવણીજનક સમાચાર આવ્યા છે. ગુજરાતીઓ માટે માઉન્ટ આબુ પ્રીતિપાત્ર સ્થળ છે. રજા મળી નથી કે વીકેન્ડ મળ્યો નથી કે ગુજરાતી માઉન્ટ આબુ ફરવા ઉપડ્યા નથી. પણ હવે ગુજરાતીઓ માટે માઉન્ટ આબુને લઈને ચેતવણીજનક સમાચાર આવ્યા છે. માઉન્ટ આબુમાં ફરવા ગયેલા મહેસાણાના ગુજરાતી પ્રવાસીઓના જૂથ પર હુમલો થયો હતો. આ હુમલામાં એક પ્રવાસીનું સારવાર દરમિયાન મોત થયું હતું. માઉન્ટ આબુમાં સાત ગુજરાતી પ્રવાસીઓના જૂથ પર પાંચ આરોપીઓએ હુમલો કર્યો હતો. તેમા ૨૫ વર્ષીય યુવાન સાહિલનું મોત થયું હતું. જ્યારે ત્રણ યુવકો ભયથી જંગલમાં છૂપાઈ ગયા હતા. યુવાનના મામાએ માઉન્ટ આબુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે જણાવ્યું હતું કે પાટણના મંગાભાઈ પન્નાભાઈના જણાવ્યા મુજબ તેમનો ભાણિયો સંજય, ભત્રીજો કિરણ, સાહિલ, નિકુલ અને મયંક સહિત સાત જણા માઉન્ટ આબુ ફરવા ગયા હતા. તેઓ વળાંક પર કાર પાર્ક કરી બેઠાં હતા. આ સમયે સાહિલને બે છોકરા સાથે ઝગડો થયો હતો. આ બે છોકરા જઈને બીજા ત્રણને લઈને આવ્યા હતા. આ પાંચેયે એકસાથે હુમલો કર્યો હતો. આ હુમલામાં સંજય, મયંક ઈજા પામ્યા હતા.સાહિલને બંને હાઠ, પીઠ અને પેટ પર છરીના ઘા ઝીંકાયા હતા. નકુલ, કિરણ અને રસિક ડરીને જંગલમાં સંતાઈ ગયા હતા. સાહિલને મહેસાણા લઈ જવાતા તેને મૃત જાહેર કરાયો હતો.

### ઉત્તરીય વિસ્તારના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો

# અરવલ્લીમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો, વાત્રક ડેમમાં પાણીની આવક નોંધાઈ

## પવન સાથે ધોધમાર વરસાદને લઈ સ્થાનિકો અને ખેડૂતોમાં મેઘરાજાએ ખુશીઓનો માહોલ સર્જી દીધો

અરવલ્લી, તા.૧૬

ભિલોડા, શામળાજી અને મોડાસાના ઉત્તરીય વિસ્તારના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. પવન સાથે ધોધમાર વરસાદને લઈ સ્થાનિકો અને ખેડૂતોમાં મેઘરાજાએ ખુશીઓનો માહોલ સર્જી દીધો હતો. જોકે બાયડ અને ધનસુરામાં હળવો વરસાદ નોંધાયો હતો.અરવલ્લી જિલ્લામાં અંતિમ ચોવીસ કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ભિલોડા, શામળાજી અને મોડાસાના ઉત્તરીય વિસ્તારના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. પવન સાથે ધોધમાર વરસાદને લઈ સ્થાનિકો અને ખેડૂતોમાં મેઘરાજાએ ખુશીઓનો માહોલ સર્જી દીધો હતો. જોકે બાયડ અને ધનસુરામાં હળવો વરસાદ નોંધાયો હતો. ભિલોડા અને શામળાજી સહિત મોડાસાના ઉત્તર વિસ્તારના સરડોઈ, દાવલી અને સુનોખ સહિતના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભિલોડા અને મોડાસા તથા મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ જામવાને લઈ સ્થાનિકોમાં અને ખેડૂતોમાં ખુશી છવાઈ હતી. ભિલોડામાં અંતિમ ચોવીસ કલાક દરમિયાન અઢી ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. મેઘરજમાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ઉપર વાસમાં પણ વરસાદને પગલે માલપુર તાલુકામાંથી પસાર થતી વાત્રક નદીમાં પાણીના નવા નીર આવ્યા હતા. લગભગ ૭૦૦ ક્યુસેક જેટલા પાણીની આવક રાત્રી દરમિયાન વાત્રક ડેમમાં નોંધાઈ હતી. જે પાણીની આવક વહેલી સવાર સુધી નોંધાઈ હતી.

### ચાંદીપુરા વાઇરસને લઈ તંત્ર એક્શનમા

# હિંમતનગર સિવિલમાં વાઇરસને લઇ તૈયારીઓ પૂરજોશમાં હાથ ધરાઈ

## બાળ રોગ નિષ્ણાંતોની ટીમને પણ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ દ્વારા તૈયાર રાખવામાં આવી છે

હિંમતનગર, તા.૧૬

સિવિલ હોસ્પિટલમાં બાળકો માટે અલગથી આઈસીયું તૈયાર કરવામાં આવ્યું છે. જ્યાં બાળકોને માટે ૧૫ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય વધારાના તાત્કાલીક સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે. બાળ રોગ નિષ્ણાંતોની ટીમને પણ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ દ્વારા તૈયાર રાખવામાં આવી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ કેસ સામે આવ્યા બાદ હવે હિંમતનગર સિવિલમાં તૈયારીઓ પૂરજોશમાં હાથ ધરાઈ છે. સિવિલ હોસ્પિટલમાં બાળકો માટે અલગથી આઈસીયું તૈયાર કરવામાં આવ્યું છે. જ્યાં બાળકોને માટે ૧૫ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય વધારાના તાત્કાલીક સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત સિવિલમાં વધારાનો વોર્ડ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જે શંકાસ્પદ લક્ષણો ધરાવતા બાળકોના કેસ સામે આવે તો ત્યાં સારવાર ત્વરીત ઉપલબ્ધ થાય એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હિંમતનગર સિવિલમાં બાળ રોગ નિષ્ણાંતોની ટીમને પણ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ દ્વારા તૈયાર રાખવામાં આવી છે. હાલમાં ૨ બાળ દર્દીઓ સારવાર હેઠળ છે અને તેમની પર નિષ્ણાંત ટીમ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

### નગરપાલિકાઓનો વહીવટ ખાડે ગયો

# રાજ્યની નગરપાલિકામાંથી ૧૦૭ નગરપાલિકામાં પગારના પણ ફાંફા

અમદાવાદ, તા.૧૬

વિકસિત ગુજરાતના દાવાથી હકીકત સાવ વિપરીત જ જોવા મળી રહી છે. રાજ્યની કુલ ૧૫૭ નગરપાલિકામાંથી ૧૦૭ નગરપાલિકામાં પગારના પણ ફાંફા છે. કાયમી કર્મચારીઓનો છેલ્લાં બેથી ત્રણ મહિનાનો પગાર જ થયો નથી.

સત્તાધીશોના સમૃદ્ધ ગુજરાતના દાવાથી વિપરીત બીજી તરફ નગરપાલિકાનું તંત્ર રીતસર ખાડે ગયું છે. નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ એટલી કથળી છે કે કર્મચારીઓને પગાર ચૂકવવાના પણ નાણા નથી. બીજી બાજુ સત્તાધીશો વાઈબ્રન્ટ ગુજરાતના દાવા કરે છે. મોટાભાગની પાલિકાઓની તિજોરી ખાલીખમ થઈ ગઈ છે. કેટલીય નગરપાલિકાઓ વીજબિલ ભરવા પણ સક્ષમ નથી. લાખો રૂપિયાનો પાણી વેરો ભરવાનો બાકી છે. પડતા પર પાટુ મારતા હોય તેમ રાજ્ય સરકારે ઓક્ટ્રોયની ગ્રાન્ટ રોકી રાખી છે. આ મુદ્દે ઉચ્ચસ્તરે રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજી સુધી સ્થિતિમાં કોઈ ફેર પડ્યો નથી.

આ અવ્યવસ્થાની સ્થિતિના પગલે હજારો કર્મચારીઓ પગારથી વંચિત રહ્યા છે. સરકારી કર્મચારીઓને ઘરના બે છેડા ભરવા મુશ્કેલ થઈ ગયા છે. આ નગરપાલિકાઓ માટે આવકનો કોઈ સ્ત્રોત જ નથી. તેના લીધે આગામી સમયમાં પગાર મામલે આંદોલન થઈ શકે છે.

### તસ્વીરો થઈ વાયરલ

# દીપિકા પાદુકોણે કોપી કર્યો ઓરીનો સિગ્નેચર પોઝ

## બોલિવૂડ સેલેબ્સનો ફેવરિટ 'ઓરી' જ્યાં જાય ત્યાં પોતાના સિગ્નેચર પોઝ આપવાનું ભૂલતા નથી

મુંબઈ, તા.૧૬

દીપિકા પાદુકોણે કોપી કરેલ ઓરી સિગ્નેચર પોઝઃ બોલિવૂડ સેલેબ્સનો ફેવરિટ 'ઓરી' જ્યાં જાય ત્યાં પોતાના સિગ્નેચર પોઝ આપવાનું ભૂલતા નથી. પછી તે અંબાણી પરિવારનો કોઈ પ્રસંગ હોય કે અન્ય કોઈ કાર્યક્રમ. ઓરીના આ પોઝની સોશિયલ મીડિયા પર પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. હાલમાં જ ઓરી અનંત-રાધિકાના લગ્નમાં વ્યસ્ત હતી. કપલના લગ્નમાં ઓરીએ ઘણા બધા ફોટોગ્રાફસ લીધા અને વીડિયો બનાવ્યો, પરંતુ ઓરીનો આવો જ એક ફોટો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે, જે લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યો છે. વાસ્તવમાં અનંત-રાધિકાના લગ્નમાં ઘણી મોટી હસ્તીઓ આવી હતી. આખું બોલિવૂડ સદીના સૌથી મોંઘા લગ્નનું સાક્ષી બન્યું. સ્વાભાવિક છે કે આટલા મોટા ઈવેન્ટમાં અને આટલા બધા સ્ટાર્સની વચ્ચે ઓરીએ પોતાનો સિગ્નેચર પોઝ ન આપવો જોઈએ. હા, અનંત-રાધિકાના લગ્નના ઓરી કેના ફોટા સામે આવ્યા હતા, જેમાં તે સેલેબ્સ સાથે પોતાના સિગ્નેચર પોઝ આપતા જોવા મળ્યા હતા, પરંતુ જ્યારે વાત દીપિકા પાદુકોણની આવી તો એક્ટ્રેસે આખો મામલો બદલી નાખ્યો. અભિનેત્રીએ ઓરીના હસ્તાક્ષર પૃષ્ઠની નકલ કરી. હા, દીપિકા પાદુકોણે ઓરીના સિગ્નેચર પોઝની નકલ કરી અને તેની સાથે ફલોન્ટ કર્યું.

વાયરલ ફોટોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે દીપિકા ઓરીની છાતી પર હાથ રાખીને ખૂબ જ ખૂની આંખો સાથે પોઝ આપી રહી છે. બંનેનો આ ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. નેટીઝન્સ પણ તેને ખૂબ એન્જોય કરી રહ્યા છે. વાયરલ ફોટો પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, વાહ, દીપિકાએ ઓરીની કોપી કરી. અન્ય એક યુઝરે લખ્યું કે દીપિકાએ ઓરીનો સિગ્નેચર પોઝ લીધો. ત્રીજા યુઝરે કહ્યું કે આને ટિટ ફોર ટેટ કહેવાય છે. વાયરલ ફોટો જોયા બાદ યુઝર્સ આવી કોમેન્ટ કરી રહ્યા છે અને દીપિકા અને ઓરી બંને ખુબ એન્જોય કરી રહ્યા છે.

### કર્ણાટક વિધાનસભામાં AI કેમેરા લગાવાયા

# ગૃહમાં ધારાસભ્યોની હાજરી પર નજર રાખવામાં આવશે

## કોલાર ગોલ્ડ ફિલ્ડ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય રૂપકલા શશિધર પ્રથમ ધારાસભ્ય છે

કર્ણાટક, તા.૧૬

કર્ણાટક વિધાનસભામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-સક્ષમ કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે જે તમામ સભ્યોના આગમન અને પ્રસ્થાનનો સમય તેમજ ગૃહમાં તેમની હાજરીનો સમયગાળો રેકોર્ડ કરશે.કોલાર ગોલ્ડ ફિલ્ડ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય રૂપકલા શશિધર પ્રથમ ધારાસભ્ય છે જેમને ચોમાસુ સત્ર માટે ગૃહમાં આવતા સમયે આ કેમેરા દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યા છે. બહાર નીકળતી વખતે આ કેમેરાએ સૌથી પહેલા તિમ્પુરના કોંગ્રેસના ધારાસભ્ય શદક્ષરીને કેદ કર્યા હતા. સોમવારથી કર્ણાટક વિધાનસભાનું ચોમાસુ સત્ર શરૂ થયા બાદ આ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.એસેમ્બલી સ્પીકર યુ ટી ખાદરે કહ્યું કે કોરમ બેલ વાગે તે પહેલા વિધાનસભામાં આવનાર ધારાસભ્યોને ઓળખવાનો રિવાજ છે અને સ્પીકર દ્વારા તેમના નામની પ્રશંસા કરવામાં આવે છે. કેટલાક વરિષ્ઠ ધારાસભ્યો જેમ કે અરાગા જ્ઞાનેન્દ્ર, બસનાગૌડા પાટીલ યતનાલ (ભાજપના) અને કેટલાક વરિષ્ઠ મંત્રીઓએ વિનંતી કરી હતી કે કેટલાક ધારાસભ્યો, થોડો મોડો આવવા છતાં, છ કે આઠ વાગ્યા સુધી કાર્યવાહીમાં બેસી રહ્યા, પરંતુ કોઈએ ધ્યાન આપ્યું નહીં. આ એક અન્યાય છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''તેથી અમે પ્રથમ વખત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેમેરા લગાવ્યા છે જે ધ્યાન આપશે કે કોઈ સભ્ય કયા સમયે આવે છે અને જાય છે અને તે કેટલા સમય સુધી વિધાનસભામાં હાજર હતો. આ અંગેની માહિતી કાર્યવાહીના દિવસે ઉપલબ્ધ છે. આના અંતે અમારી પાસે વિધાનસભા સચિવની સિસ્ટમ પરનો ડેટા હશે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પહેલ સત્ર દરમિયાન ધારાસભ્યોની હાજરી અને ભાગીદારી સુધારવાના પ્રયાસનો એક ભાગ છે.તે જ સમયે, રાજ્યની વિધાનસભા અને સચિવાલયની બેઠક, વિધાનસૌધાને નવીનતા આપવાના ઉદ્દેશ્ય સાથે, પ્રથમ તબક્કામાં વિધાનસભા હોલના પશ્ચિમ પ્રવેશ દ્વારનું નવીનીકરણ કરવામાં આવ્યું છે, જેમાં લોખંડની જાળીવાળા દરવાજાને બદલવામાં આવ્યા છે. એક વિશાળ અને કોતરવામાં આવેલ ભવ્ય રોઝવૂડનો દરવાજો ગયો છે. તેનું ઉદ્ઘાટન આજે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા દ્વારા બંધારણની પ્રસ્તાવના ધરાવતી તકતી સાથે કરવામાં આવ્યું હતું.વિધાનસભા અધ્યક્ષે કહ્યું કે, ''આપણી વિધાનસૌધા ભવન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આદરણીય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રતિનિધિમંડળો અને પ્રવાસીઓ વિધાનસૌધામાં આવે છે. તેને અંદર અને બહાર બંને રીતે સારું અને સન્માનજનક બનાવવાનું અમારું કામ છે. પહેલા હજુ ઘણું કામ કરવાનું બાકી છે, મને તમારા (સભ્યો)ના સૂચનો જોઈએ છે.''

### પશ્ચિમ વિસ્તાર દિવસે ને દિવસે વિકાસ કરી રહ્યો છે

# અમદાવાદ : વૈભવી ગણાતો પશ્ચિમ વિસ્તાર સામાન્ય વરસાદથી પાણીમાં ગરકાવ

## માળખાગત સુવિધાના અભાવથી વધુ ટેક્સ આપવા છતાં શહેરીજનો ચોમાસામાં રાહત મેળવી શકતા નથી

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરમાં પશ્ચિમ વિસ્તાર દિવસે ને દિવસે વિકાસ કરી રહ્યો છે. એક બાજુ પશ્ચિમ શહેરને દિલ્હી, મુંબઈ જેવો વૈભવી બનાવવામાં આવે છે તો એ જ વિસ્તારને પાયાની સુવિધાથી વંચિત રાખવામાં આવ્યો હોય તેમ દેખાઈ રહ્યું છે. સામાન્ય વરસાદથી રસ્તાઓ પર ભુવા પડીગયા છે, કેટલાય રોડનું ધોવાણ થઈ ગયું છે. માળખાગત સુવિધાના અભાવથી વધુ ટેક્સ આપવા છતાં શહેરીજનો ચોમાસામાં રાહત મેળવી શકતા નથી. ત્યારે ગઈકાલે અમદાવાદમાં તમામ વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. પશ્ચિમ વિસ્તારમાં આવેલા રિંગ રોડ પરની બીજી તરફ આવેલા સનાથલ, શેલા, બોપલ-ઘુમા અને શીલજમાં લાખો લોકો રહે છે. આ વિસ્તાર છેલ્લા બે મહિનાથી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ(ઔડા) અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અણઘડ આયોજનના કારણે હેરાન થઈ ગયા છે.

એક રિપોર્ટમાં જણાવાયું છે કે કરોડો રૂપિયાના ઘરોમાં રહેતા લોકોને ગટરની દુર્ગંધનો સામનો કરવો પડે છે અને ગટરોના ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે.આ ઉપરાંત રોડ બંધ હોવાથી એક કિલોમીટર ફરીને જવાનો વારો આવ્યો છે. છેલ્લા એક મહિનાથી રોડનું કામ ચાલી રહ્યું છે તેના કારણે એક જ તરફનો રોડ ચાલુ રાખવાથી ધૂળ ઉડવાના કારણે મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ છે.તેની સાથે સાથે બ્રિજની કામગીરીના પગલે પણ ટ્રાફિકનો પણ સામનો કરવો પડી રહ્યો છે.એપલવૂડ ટાઉનશીપ અને સ્વાતિ ટ્રીનીટી નામની બે બિલ્ડિંગ આવેલી છે. તેની નજીકમાં જવાનો રસ્તો છેલ્લા એક વર્ષથી બંધ હાલતમાં છે, બંને બિલ્ડીંગની બહાર ગટરનું ગંદુ પાણી જોવા મળ્યું હતું અને ગંદકી જોવા મળી હતી. થોડા દિવસ અગાઉ પડેલા ભારે વરસાદમાં શેલાના કલબ ઓ સેવન રોડ પર ઓર્ચિડ સ્કાય નજીક એક મોટો ભુવો પડ્યો હતો. આ મોટા રોડના બ્રેકડાઉન થવાના કારણે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા)દ્વારા ત્યાં મુખ્ય ગટર લાઈનનું કામ હવે શરૂ કરવામાં આવ્યું છે. જેના કારણે ૪૫ દિવસ માટે રોડ બંધ કરી દેવાયો છે. VIP રોડ પર છેલ્લા એક મહિનાથી ખોદકામ કરવામાં આવી રહ્યું છે. રોડ પર ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી કરવામાં આવી છે. એક જ તરફનો રોડ ચાલુ હોવાના કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સાઉથ બોપલના લોકોને એસ.જી હાઈવે તરફ જવું હોય તો તેઓ VIP રોડનો ઉપયોગ કરે છે ત્યારે આ રોડ ઉપરથી અવરજવર માટે લોકોને તકલીફ પડી રહી છે. વીઆઈપી રોડથી કલબ ઓ સેવન તરફ જવાનું આ રોડ ઉપર પણ એક તરફના રોડની કામગીરી ચાલી રહી છે. જેથી ત્યાંથી પણ લોકોને પસાર થવા માટે એક જ તરફના રોડનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. છેલ્લા એક મહિનાથી ખોદકામના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.એસપી રિંગ રોડ પર ઓવરબ્રિજની કામગીરી મંથરગતિએ કરવામાં આવી રહી છે. શીલજ સર્કલ પાસે ખૂબ જ ટ્રાફિકજામ થઈ જાય છે. જે લોકોને રિંગરોડ પરથી શીલજ બાજુ નીચેની તરફ જવું છે ત્યાં પણ સર્વિસ રોડ પર બ્રિજની કામગીરી ચાલી રહી છે જેના કારણે લોકોને તકલીફ પડી રહી છે. બોપલ-ઘુમા અને શીલજ સહિતનો વિસ્તાર છેલ્લા ત્રણ વર્ષથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવતો હોવા છતાં ડ્રેનેજ, રોડ અને પાણીની લાઈનની યોગ્ય માળખું તૈયાર કરવામાં આવ્યું નથી.

### જૂનાગઢમાં દલિત યુવાનને માર મારવાના મામલો

# ગણેશ જાડેજાનો જેલવાસ લંબાવાની શક્યતાઓ

## ગણેશ જાડેજા અને તેના સાગરીતો ને હજુ જેલ વાસ લંબાવાની શક્યતાઓ સેવાઈ રહી છે

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢમાં દલિત યુવાનને માર મારવાના મામલે ગણેશ જાડેજા સહિત ૧૧ આરોપીઓ જેલમાં છે. દલિતના માર મારવાના મામલે ગોંડલના લોકો રોષે ભરાયા હતા. જેના બાદ પોલીસે કાર્યવાહી કરતા ગણેશ જાડેજાની પુછપરછ કર્યા બાદ ધરપકડ કરી હતી ત્યારે હાલ ફરી એક વાર ગણેશ જાડેજા ની મુશ્કેલી માં વધારો જી હા. આપને જણાવી દઈએ ગણેશ જાડેજા ગોંડલનાં ભાજપનાં ધારાસભ્ય ગીતાબા જાડેજા અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર છે.જેમને ગોંડલ ગણેશ જાડેજા કેશ માં ગુજરાત હાઈ કોર્ટ દ્વારા ૭/૮/૨૪ ની મુદત આપવામાં આવી છે. ત્યારે ગણેશ જાડેજા અને તેના સાગરીતો ને હજુ જેલ વાસ લંબાવાની શક્યતાઓ સેવાઈ રહી છે.આપને જણાવી દઈએ ગણેશ જાડેજા પર દલિત યુવાનને માર મારવાના કેસમાં એક નવો ઘટસ્ફોટ થયો છે. આ કેસમાં સામે આવ્યું છે કે ૨ ખોટા આરોપી રજૂ કર્યાનો ઘટસ્ફોટ થયો છે. આ મામલે ફરિયાદી સંજય સોલંકીએ જીઁને અરજી કરી. જેના બાદ તપાસ પ્રક્રિયામાં ઓળખ પરેડમાં ડમી આરોપીઓને ઓળખી બતાવ્યા હતા. ફરિયાદીએ અરજીમાં ફોટો સાથે નામ દર્શાવી ઓળખી બતાવ્યા હતા. અને ખોટા આરોપીની માહિતી તેમને સોશીયલ મીડિયામાંથી મેળવી હોવાનું જણાવ્યું હતું.

આપને જણાવી દઈએ કે ૩૧મી મેના દિવસે જૂનાગઢમાં સંજય સોલંકી નામના દલિત યુવાન પર ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા અને અન્ય લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. દલિત પર હુમલાને લઈને ગણેશ જાડેજા વિરુદ્ધ કાયદેસર કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં વધુ રસ ના દાખવતા લોકો રોષે ભરાયા હતા અને દલિત સમાજે જુનાગઢથી ગોંડલ રેલી કાઢી હતી. પીડીત યુવાન સંજય સોલંકીએ મુખ્ય આરોપી તરીકે ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિત ૧૦ અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યારે ણેશ જાડેજા અને તેના સાગરીતો ને હજુ જેલ વાસ લંબાવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

# ધારીમાં સખી મંડળની મહિલાઓએ પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી





રાજયને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિ આધારિતગુજરાતબનાવવામાટેરાજય સરકારદ્વારામિશનમોડપરપ્રયત્નોથઈ રહ્યા છે. આ અભિયાનને વેગ આપવા માટે અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મહિલાઓને પ્રાકૃતિક કૃષિનાં આ ભગીરથ કાર્યમાં જોડી અને તેમને રસાયણમુક્ત ખેતી સાથે જોડવા માટે જિલ્લાભરમાંપ્રાકૃતિકકૃષિનીતાલીમનું આયોજનકરવામાંઆવ્યુંછે. દરમિયાન અમરેલી જિલ્લાનાં ધારી સ્થિત એ.પી.એમ.સી ખાતે સખી મંડળની બહેનોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવશે. આ તાલીમ અંતર્ગત મહિલાઓને પ્રાકૃતિક કૃષિ દ્વારા મૂલ્ય વર્ધન અંગે વિગતો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એસપીએનએફ એસોસિએશનનાં જિલ્લા સંયોજક ભીખુભાઈ પટોળીયાએજણાવ્યુકે, ધારી ખાતેધારીશહેરઅનેઆસપાસનાગામની સખી મંડળની બહેનોને આ તાલીમ આપવામાં આવી રહી છે. મહિલાઓ પોતાના પરિવારોને સમજ આપે અને પ્રાકૃતિકકૃષિ અપનાવેતેવોપ્રયાસછે. આ ઉપરાંત ખેતી કરતી મહિલાઓ પ્રાકૃતિક કૃષિ કરીઅનેતેનાઉત્પાદનોનુંમૂલ્યવર્ધન કરેફક્તખેતપેદાશોનેસીધીરીતેવેચવાનાં બદલેતેનેબજારમાંવધુભાવેમળેતેવીરીતે તૈયાર કરી અને વેચે તે માટે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. આ તાલીમ દ્વારા પ્રાકૃતિક કૃષિ થકી મહિલા સ્વાવલંબીઅનેઆત્મનિર્ભરબનેતેવોપણ એક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીયછેકે, પ્રાકૃતિકખેતીનીમાહિતી મળી શકે તેવા ઉદ્દેશ્યથી જિલ્લામાં ૨૧સ્થાનો પર પ્રત્યેક ઠેકાણે ૩૦ મહિલાઓને એમ ૬૩૦ મહિલાઓને પ્રાકૃતિક ખેતી અને તેના દ્વારા તૈયાર થતી બનાવટો અંગે ખેડૂતો અને ટ્રેનરો પાસેથી તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિકખેતીઅપનાવીઅનેઅમરેલી જિલ્લામાંવધુમાંવધુખેડૂતોજોડાઈરહ્યા છે ત્યારે આગામી દિવસોમાં અમરેલી જિલ્લોપ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે પણ અગ્રેસર બનેતેવાપ્રયાસો કરવામાંઆવ્યાછે.

## ગોઢાવદર ગામે રાષ્ટ્રીય ટીંબી નાબૂદી કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ




લીલીયા, તા.૧૬

ટીબી યુનિટ લીલીયા તથા તાલુકા હેલ્થ કચેરીના સંયુક્ત ઉપક્રમે પ્રાથમિક શાળા ગોઢાવદર તાલુકો લીલીયા ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારતઅભિયાનહેઠળશાળાનાધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે મારૂ ગામ ટીબીમુક્તગામજેવાશીર્ષકહેઠળચિત્ર સ્પર્ધાનુંઆયોજન કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર સિધ્ધપુરા દ્વારા વિદ્યાર્થીઓને ટીબી રોગના લક્ષણો ટીબી રોગની તપાસ સારવારનો સમયગાળો સારવારની પદ્ધતિ તથાસારવાર દ્વારા ટીબી નાબૂદી તથા ટીબી મુક્ત ગામ ટીબી મુક્ત દેશ જેવા મુદ્દાઓ પર સવિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી ઉપરોક્તથી મને ધ્યાને લઈ વિદ્યાર્થીઓ દ્વારા સુંદર ચિત્રો સ્પર્ધામાં બનાવવામાં આવેલ હતા જેમાં પ્રથમ દ્વિતીય તથા તૃતીય ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ડોકટર સિધ્ધપુરા તથા શિક્ષકો દ્વારા ઈનામો તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય વર્ષાબેન જોશી તથા તમામ શિક્ષક ગણ સ્ટાફ દ્વારા નિષ્ઠાપૂર્વક સહયોગ આપવામાં આવેલ હતો આ તકે ટીબી યુનિટ લીલીયાના ટીબી સુપરવાઈઝર સંજયભાઈ રાજપરા તથા ગામના આરોગ્ય કર્મચારી ભાર્ગવભાઈ ત્રિવેદી દ્વારા સર્વોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ગોપાલભાઈ વસ્તરપરાનાં સહયોગથી**

વ્યકિતને વૃક્ષારોપણ કરવાની ઈચ્છા હોય તેઓને વિનામૂલ્યે રોપાનું વિતરણ કરાશે અને ગામે–ગામથી ખેડૂતો, પર્યાવરણપ્રેમીઓ આવીને રોપા લઈ જાય છે અને આજ સુધીમાં અઢીલાખરોપાનુંવિતરણથયુંછેઅને બાબરા, લાઠી, અમરેલી સહિતનાં વિસ્તારોમાં મોટાપાયે રોપાનું વિતરણ થયું હોય અને હજુ રોપા વિતરણ અવિરત શરૂ રાખવામાં આવશે.

તેઓએજનતાનેજણાવેલ છે કે, "વૃક્ષ એ જ જીવન છે" તેમ માનીને દરેક વ્યકિત ઓછામાં ઓછું એક વૃક્ષનું વાવેતર કરે તો પણ અમરેલી જિલ્લા સહિત દેશભરમાં કરોડોની સંખ્યામાં વૃક્ષોનું વાવેતર થશે. આપણે સૌએ આપણો અને આપણી ભાવિ પેઢીનો વિચાર કરીને વૃક્ષારોપણ કરવાની જયાં પણ જગ્યા મળે ત્યાં વૃક્ષારોપણ કરવું જોઈએ તેમ અંતમાં જણાવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૩૬ | ૧૨૬૧ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૭૨ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૬૦ | ૧૫૫૬ |
| ૫ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૭૦ |
| ૬ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૭૫ | ૩૫૫૫ |
| ૮ | બાજરો | ૪૫૯ | ૪૫૯ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૨૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૫૮૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૭ | ૫૯૨ |
| ૧૨ | મગ | ૧૪૬૫ | ૧૫૪૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૩૨૯ |
| ૧૪ | કપાસ | ૯૫૦ | ૧૫૮૪ |
| ૧૫ | એરંડા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૧૬ | જીરૂ | ૪૨૦૦ | ૪૮૭૦ |
| ૧૭ | રાયડો | ૯૬૦ | ૧૦૨૬ |
| ૧૮ | ધાણા | ૧૨૦૨ | ૧૩૩૦ |
| ૧૯ | મેથી | ૯૮૦ | ૧૧૨૦ |
| ૨૦ | સોયાબીન | ૬૦૦ | ૮૩૮ |

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાનાં ગ્રામ્ય વિસ્તારમાં**

ઘોડાપુર આવ્યા હતા. તાલુકાના ઉંટવડ, ચરખા, ચમારડી, નિલવડા, સમઢીયાળા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ પડયો હતો. જેમાં ઉંટવડમાં સૌથી વધુ વરસાદ પડતાં સ્થાનિક નદીમાં પુર આવ્યું હતું. બીજી તરફ તાલુકાના નિલવડા અને સમઢીયાળામાં સારો વરસાદ પડતાં ગામની નદીઓમાં ઘોડાપુર આવ્યું હતું.

અહીં બંને ગામ ની વચ્ચે પસાર થતી કાળુભાર નદીમાં પુર આવતા નિલવડા અને સમઢીયાળા સંપર્ક વિહોણા બન્યા હતા. અહીં તંત્ર દ્વારા બંને ગામની વચ્ચે રોડ તો બનાવ્યો પણ બ્રિજ નહિ બનાવતા ગામના લોકોને ચોમાસામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડી રહી છે. કોઈ મેડીકલ ઈમરજન્સી વખતે ગામના લોકો લાચાર બને છે. ત્યારે અહીં કોઝવેની જગ્યાએ બ્રિજ બનાવે તેવી માંગણી ગામના લોકો દ્વારા કરવામાં આવી રહી છે.

## બાગાયત ખાતાની વિવિધ સહાયનો લાભ મેળવવા તા. ૧૫ ઓગસ્ટ સુધીમાં આઈ–ખેડૂત પોર્ટલ પર અરજી કરવી

અમરેલી, તા.૧૬

અમરેલી, તા.૧૬ જુલાઈ ૨૦૨૪ (મંગળવાર) રાજયમાં બાગાયતી ખેતીના વિકાસ માટે ગુજરાત રાજય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલી છે. ચાલુ વર્ષમાં ખેડુતો બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ સરળતાથી મેળવી શકે તે હેતુસર રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ માટે **"GROW MORE FRUIT CROPS"** અભિયાન શરૂ છે.

આ અભિયાન અંતર્ગત ખેડૂતો વધુમાં વધુ ફળ પાકોનું વાવેતર કરે તે આશયથી પપૈયા, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો, નાળિયેરી વાવેતર વિસ્તાર સહાય, ટીસ્યુ કલ્ચર ખારેક, ફળ પાક પ્લાન્ટીંગ મટિરિયલ્સમાં સહાય, કોમ્પ્રિહન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ કાર્યક્રમ, આંબા તથા જામફળ ફળપાક ઉત્પાદકતા વધારવા, કમલમ ફળના વાવેતર માટે સહાય, વધુ ખેતી ખર્ચ સિવાયના ફળપાકો, સરગવાની ખેતીમાં સહાય ઉપલબ્ધ છે.

રાજય સરકારના બાગાયત ખાતાની આયોજનાઓનો લાભ મેળવવા આઈ–ખેડુત પોર્ટલ **http:/ikhedut.gujarat.gov.in** પર તા.૧૫/૦૮/૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવી. અરજી કરતી વખતે ખેડુત ખાતેદારે ૭, ૧૨, ૮–અ, બચત બેંક ખાતા, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબરની વિગતો વગેરે પુરાવા સાથે રાખવા. ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ મેળવી જરૂરી સાધનિક કાગળો સાથે નાયબ બાગાયત નિયામક, બાગાયત ભવન, બાગાયત કચેરી, સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ પર મોકલવી. આ અંગેની વધુ વિગતો માટે બાગાયત કચેરીના ફોન નં. (૦૨૭૯૨–૨૨૩૮૪૪) પર સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૨૫ | ૫૩૫ |
| ૨ | ચણા | ૧૧૩૯ | ૧૧૩૯ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૨૫ |
| ૪ | તલ કાળા | ૩૦૦૩ | ૩૦૨૫ |
| ૫ | એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૬ | શીંગ દાણા | ૧૪૭૬ | ૧૪૮૦ |
| ૭ | મગ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |
| ૯ | મેથી | ૯૦૦ | ૯૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૨ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૧૨૦ |
| ૫ | જીરૂ | ૪૫૦૦ | ૫૧૫૧ |
| ૬ | કપાસ | ૪૫૦૦ | ૧૫૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૩ |
| ૯ | બાજરો | ૩૮૫ | ૩૯૫ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૮૧૯ |
| ૧૧ | મકાઈ | ૫૩૨ | – |
| ૧૨ | મગ | ૧૫૧૦ | ૧૫૬૦ |
| ૧૩ | ચણા | ૧૦૬૦ | ૧૨૯૦ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૮૦ |

પાના ૧ ઉપરનું ચાલું **રાજુલાનાં ધારાનાં નેસ ગામેથી**

ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા રોંગ સાઈડમાં માઈલ સ્ટોનના પીલોર સાથે ભટકાવી ખાળીયામાં ફોરવ્હીલ ઉતરી જતા ફોર વ્હીલમાં બેઠેલ ધારી તાલુકાના વાવડી (રામવાળાની) ગામે રહેતા મનુભાઈ મુળુભાઈ વાળાના સસરા તથા દિકરાને ગંભીર ઈજા થયેલ અને પોતાના પત્નિ નિતાબેનને માથામાં ગંભીર ઈજા થતા મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા ઔધોગિક તાલીમ સંસ્થામાં તા. ૨૩ જુલાઈએ ભરતી મેળો

અમરેલી, તા. ૧૬

અમરેલી જીલ્લા રોજગાર કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાનગી ક્ષેત્રના એકમ સી.આઈ.આઈ ઓટોમોટીવ ઈન્ડિયા લિમિટેડ શાપર વેરાવળ માટે ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ધો. ૧૦ પાસ, અને ધો. ૧૨ પાસ, આઈ.ટી.આઈ, ડિપ્લોમાં સહિત શૈક્ષણીક લાયકાત ધરાવતા હોય તેમજ એકસ. આર્મીમેન હોય તેવા ઉમેદવારો માટે ભરતી મેળો યોજાશે.

એલ.આઈ.સી. અમરેલી માટે વીમા એજન્ટની જગ્યા માટે ૧૮ થી ૪૫ વર્ષની મર્યાદા તેમજ ધો. ૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે ભરતી મેળો યોજાશે.

અનુબંધન વેબપોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતીમેળો યોજાનાર હોય, તા. ૨૩ જુલાઈ, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૧૧ વાગ્યે ઔધોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ) કેમ્પસ, લીલીયા ખાતે લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકોએ ઉપસ્થિત રહેવું. ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજીયાત છે. રજીસ્ટ્રેશન લીંક https: // anubandham.gujaratp. gov. in/ account / signup પર નોંધણી કરવી, તેમજ અમરેલી જીલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **લાઠીનાં ધારાસભ્ય તળાવીયાએ**

પટેલને બપોર પત્રમાં જણાવેલ છે કે, હાલ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં કોઈ ફેરફાર જેવા કે બીજા દાખલ, બોજા મુકિત, વારસાઈ, હકક કમી, વહેંચણી, વેચાણ તેમજ બીજા હકક દાખલ કરવા અંગે ગામ નમુના નં. ૬ માં નોંધો દાખલ કરવામાં આવે છે જે નોંધો હાલ સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર મામલતદાર કચેરી (ઈ–ધરા કેન્દ્ર) ખાતે નોંધો દાખલ કરવામાં આવે છે.

સદર બાબતે ઘણી વખત કોઈ પુરાવાની ખામી અથવા તો ઘટતા પુરાવાના કારણે નોંધો નામંજુર કરવામાં આવે છે નોંધ નામંજુર થયા બાદ અરજદાર ખેડુતોએ ફરજીયાત નાયબ કલેકટરની કચેરીમાં અપીલ દાખલ કરવી પડે છે અને ખેડુતોની કામગીરીમાં ખુબજ લાંબો સમય વિતે છે જાણ મુજબ અગાઉ ઈ–ધરા કેન્દ્ર ખાતેના સોફટવેરમાં પ્રમાણીત, રદ, નામંજુર આવી રીતે ત્રણ ઓપ્શન હતા જેથી પુર્તતા વાળી નોંધો સક્ષમ સતાધિકારી દ્વારા રદ કરવામાં આવતી જેથી અરજદાર ઈ–ધરા કેન્દ્ર ખાતે જ ફરી નોંધ દાખલ કરાવી શકતા હતા પરંતુ હાલ સદરહું રદનું ઓપ્શન ન હોવાના કારણે અરજદાર ખેડુતે ફરજીયાત અપીલ કરવાની ફરજ પડે છે જેથી ફરી વખત સોફટવેરમાં રદનું ઓપ્શન મુકવા તેમજ આ બાબતે અધિકારીઓને સુચના આપવા આવે તેવી ભલામણ ધારાસભ્ય દ્વારા કરવામાં આવી હતી.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૯૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| ૩ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૪ | કપાસ | ૧૪૪૦ | ૧૫૬૧ |
| ૫ | બાજરો | ૪૫૦ | ૬૦૦ |
| ૬ | ઘઉંટુકડા | ૪૫૦ | ૫૬૬ |
| ૭ | જુવાર | ૫૦૧ | ૯૦૦ |
| ૮ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૫૫૦ |
| ૯ | સોયાબીન | ૮૩૦ | ૮૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૨૦૫ |
| ૨ | ચણા | ૯૫૦ | ૧૨૭૨ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૮ | ૫૧૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૩ | ૫૨૨ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૨૨૫ |
| ૬ | જુવાર | ૭૦૫ | ૭૦૫ |
| ૭ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | તુવેર | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૯ | સોયાબીન | ૬૭૫ | ૮૩૪ |
| ૧૦ | તલ સફેદ | ૧૬૫૫ | ૨૪૦૦ |
| ૧૧ | તલ કાળા | ૨૫૦૦ | ૨૬૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | શીંગફાડા | ૧૩૭૦ | ૧૩૭૦ |
| ૧૪ | મગફળી | ૧૦૦૦ | ૧૧૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી પાલિકા ઉપર થતાં**

છે અને એજન્સીને નોટીસ આપી તાકીદ કરવામાં આવેલ છે કે, એજન્સી ધ્વારા થયેલ કરાર મુજબ કામગીરી કરવામાં નહીં આવે તો હાલની કાર્યરત એજન્સી રદ કરી નવી ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા કરી નવી એજન્સીની નિમણૂંક કરવામાં આવશે.

વધુમાં જણાવેલ છે કે, શહેરીજનોની આરોગ્યલક્ષી સુખાકારી અર્થે કોઈ પ્રકારની એજન્સીની બેદરકારી સાખી લેવામાં નહી આવે તેમજ અરજદારોને પોતાની ફરિયાદ અંગે નગરપાલિકા કચેરીએ ન આવવું પડે તે અંગે એક હેલ્પલાઈન નંબર (૦૨૭૯૨) ૨૨૯૨૨૨ શરૂ કરવામાં આવેલ છે. જેમાં આરોગ્યલક્ષી ફરિયાદો નોંધાવી શકશે તેમજ ભૂગર્ભ ગટરલક્ષી ફરિયા નં. ૬૩૫૪૬ ૭૮૪૦૩ ઉપર નોંધાવી શકશે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **લાલ આંખ કરીને પાક જેલમાં**

માછીમારોને બોટ સાથે દરિયામાંથી પકડીને પાકીસ્તાનમાં કેદ કરી દે છે. પાક જેલમાં કેદ માછીમારોને છોડાવવામાં સરકારને ત્રણ થી ચાર વર્ષ લાગે છે અને કયારેય માછીમારોની લાશ ભારતમાં ઘરે પરત ફરે છે. પાકિસ્તાનમાં કેદ ભારતીય માછીમારોની પરિસ્થિતી ખૂબ દયનીય છે. ત્યાં અનેક રોગથી પીડાતા માછીમારોને યોગ્ય સારવાર પણ નથી મળતી. જેથી ઘણીવાર આ વિસ્તારના લોકોની લાશ પણ બે બે મહિને આવી હોવાના બનાવો બન્યા છે.

ઉનાશહેરનાંરામનગરખારા વિસ્તારમાં રહેતા દીપક બાબુ ડાભી ૪ વર્ષ પહેલાં પોરબંદર ખાતે માછીમારી કરવા ગયેલ ત્યારે દરિયામાંથી પાકીસ્તાન એજન્સીએ પકડી પાડેલ. અપરિણીત યુવકની માતા પોતાના પુત્ર પાછો કયારે ફરશે તેની રાહ જુવે છે અન્ય બાજુમાં રહેતા રશ્મિતાબેન બાંભણીયાના ત્રણ બહેનોનો એકનો એક વહાલસોયો ભાઈ કલ્પેશ રણછોડભાઈ પરમાર પણ પહેલી વાર માછીમારી કરવા ગયેલ અને પાક જેલમાં સબડે છે. હાલ દીપક બાબુ ડાભીએ તેમના ભાભીને પાકીસ્તાનથી **WhatsApp** મારફતે એક પત્ર મોકલી પોતાની આપવીતી જણાવી છે.

આ **WhatsApp** કરેલ પત્રમાં દીપક ડાભીએ લખ્યું છે કે, પાકીસ્તાનમાં કેદ ભારતભર માંથી પકડાયેલા પોતાની સાથેના કુલ ૧૮૩ માછીમારો હાલ બંદીવાન છે. જેમાંના ૧૪૮ માછીમારોને પાકીસ્તાન સુપ્રીમ કોર્ટ દ્વારા સજા માંથી કલીઅર કર્યા છે અને અહી પાક જેલ ૧૧ માછીમારોની હાલત અતિ ગંભીર છે અને માનસિક સંતુલન ગુમાવી બેઠા છે. ૩ લોકો હૃદય રોગી છે અને ૧૫ લોકો બ્લડપ્રેશરની બીમારીથી પીડાય છે. છેલ્લા ૩ વર્ષમાં ૧૨ માછીમારીનાં મૃત્યુ થયા છે. તેવી વિગત આ પત્રમાં આવેલ છે. તેમજ પોતાના પરિવારને લઈને ચિંતા કરે છે ને ભારત સરકાર કોઈ પગલાં લે અને અહીથી છોડાવે તેની રાહ જોઈ છે. પાક જેલમાં અનેક યાતના ભોગવવી પડે છે. આગેવાનો દ્વારા ભારત સરકારનાં વિદેશી મંત્રાલય અને માછીમાર ઉધોગનાં મંત્રી સુધી આ બાબતે રજુઆત કરી વહેલી તકે માછીમારોને છોડાવવા વેદનાં વ્યક્ત કરી છે. પાક જેલમાં સબડતા માછીમારોને કેન્દ્ર સરકાર છોડાવવામાં આટલા વર્ષનો વિલંબ કેમ.? શું સસ્તી છે આટલી જિંદગી..? કેમ કોઈ દરકાર નથી કરતું..? ક્યારે પરત લાવશે પાક જેલના માછીમારોને..?


## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ ટી.જે.તન્ના રહે બાબરા અમારા અસીલ જમીન ખરીદનાર નંદાણીયા ગીતાબેન અનિલભાઈની સુચના મુજબ સરનામું– રે, ખોડિયાર નિવાસ મનહર પ્લોટ શેરી મંગળા મેઈન રોડ રાજકોટ, ભકિતનગર રાજકોટ–૩૬૦૦૦૨ વાળાની સુચના અને ફરમાઈસથી લાગતા વળગતાને જાણ થાય કે અમરેલી જિલ્લાના બાબરા તાલુકાનાં ચરખા ગામે સંયુકત ભોગવટવાળી ખેતીની જમીન જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ખાતેદારનું નામ | ખાતા નં. | સર્વે નં. | હે આરે |
|---|---|---|---|---|
| ૧ | કુંભાણી જગદીશભાઈ ભનુભાઈ | ૭૬૩ | ૪૩૧ | ૧–૬–૮૮ |
| ૨ | રાખોલીયા કિશોરભાઈ શિવાભાઈ | | | |

ઉપરોકત વિગતેવાળી વેંચાણ આપનારનાં નામે ગામ નમૂના નં.૬ ના નોંધ નં.–૧૬૬૬ જે ક્રમ નં.૧ તથા ૨ રજી. વેચાણથી રાખેલ છે. તેવોનાં કબ્જા ભોગવટાની જમીન જેમાં રીંગદાર, ગાડા મારગ, પૈયા–પઠા, જાડ પાનનાં તમામ હક્ક સાથે અમો ઉપરોકત લખ્યા માલિકે આઘાટથી તમો ખરીદનારશ્રી નંદાણીયા ગીતાબેન અનિલભાઈ સરનામું – રે, ખોડિયાર નિવાસ મનહર પ્લોટ શેરી મંગળા મેઈન રોડ રાજકોટ, ભકિતનગર રાજકોટ–૩૬૦૦૦૨ ને વેંચાણ કરેલ છે. જેથી ઉપરોકત વેચાણ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ હક્ક–હિત હિસ્સો બક્ષિસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણું ગીરો બોજો કે કોઈપણ બેંક કે સરકારી સંસ્થા મંડળી કે પ્રાઈવેટ ફાઈનાન્સ લેણું હોય કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેનાં સરનામે લેખિત આધાર પુરવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈનાં વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર દસ્તાવેજ અમો ખરીદનાર શ્રી નંદાણીયા ગીતાબેન અનિલભાઈને કરાવી લેશે ત્યારબાદ જો કોઈનાં વાંધા તકરાર આવશે તો અમો દસ્તાવેજથી ખરીદનારને બંધનકર્તા રહેશે નહી જેની તમામે નોંધ લેવી.

સ્થળ : બાબરા
તા–૧૭/૦૭/૨૦૨૪

અમારા અસીલ
શ્રી નંદાણીયા ગીતાબેન અનિલભાઈની સુચનાથી

**તેજસ તન્ના – એડવોકેટ**
એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ
રાજકોટ–ભાવનગર રોડ, નાગનાથ કોમ્પ્લેક્ષ,
બાબરા, જી. અમરેલી
મો. ૯૪૨૮૪ ૪૪૦૨૦

## ખેડૂતોએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ન્યાય માટે રજુઆત કરી

# લ્યો બોલો : લુણકીમાં ખેડૂતની મંજુરી વગર પવન ચક્કીનો પોલ લગાવાયા

બાબરા, લાઠી અને હવે, અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ આડેધડ પવન, ચક્કી લગાવાઈ રહી છે

ખેડૂત, ખેતી અને પર્યાવરણની ચિંતાને નેવે મુકીને લગાવાતી પવન ચક્કીથી ફાયદા કરતા નુકસાન વધારે

પવન ચક્કીની કંપનીની વિશાળ શકિત સામે પદાધિકારીઓ અને અધિકારીઓ કશું કરી શકતા નથી

પવનચક્કી નિર્માણને લગતી તમામ કામગીરી માટે ખાસ વિભાગની રચના કરવી જરૂરી બની છે





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૧૬

બાબરા તાલુકાના લુણકી ગામે ખેતી ધરાવતા ખેડૂતખાતેદાર ધર્મેન્દ્રભાઈ વડેરાએ પવણચક્કી ના અનહદ ત્રાસના કારણે ખેડૂત દ્વારા સ્થાનિક પોલીસ, પ્રાંત અધિકારી અને મામલતદારને લેખિતમાં રજુઆત કરી ન્યાયની માંગણી કરેલ છે.

ખેડૂત દ્વારા રજુઆતમાં જણાવ્યું છે કે અમારી જમીન બાબરા તાલુકા લુણકી ગામે સર્વે નંબર ૨૩૧/પૈકી/૩ આવેલી છે આ જમીન અમારા પરિવારની સયુંકત માલિકીની છે આ ખેતી જમીનમાં કોઈપણ જાતની અમારી મંજૂરી વગર ખેતીમાં એન એસ કલીન મેકસ પ્રા.લી.નામની પવન ચક્કીની કંપનીએ વિજપોલ ઉભા કરી ઉભા પાકને નુકસાન કરી રહ્યા છે રાતો રાત આ લોકો ખેતરમાં ઘૂસી જાય છે કાયદાની બીકના હોય તેમ વર્તન કરી રહ્યા છે આગળ ખેતીના ઉભા પાકને વધુ નુકસાન જાય તે પેહલા આ લોકો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે અને અમારી જમીન ઉપર ઉભા પવન ચક્કીના વિજપોલને હટાવવા આવે તેવી અરજ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં લગભગ મોટાભાગની પવણચક્કી ઉભી કરવામાં આવી રહી છે પણ કયાંય નીતિ નિયમને જોવા આવતા નથી અનેકવાર જાગૃત નાગરિક, પર્યાવરણવિદ, સરપંચ સહિતના લોકો રજુઆત કરતા રહે છે પણ કોઈ નક્કર પરિણામ મળતું નથી. ત્યારે લુણકી ગામે ખેડૂતને થયેલ અન્યાય બાબતે તંત્ર કેટલી મદદ કરશે તેઆવનારો સમય કહે છે.

## આગામી ૧૬ ફેબ્રુઆરીનાં રોજ

# ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા સર્વ જ્ઞાતિય સમુદાય લગ્નોત્સવ યોજાશે

### સમૂહલગ્ન નોંધણીનું કાર્ય શરૂ કરાયું

ચલાલ, તા. ૧૬

ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર ધામ, ધારી રોડ, ચલાલા ખાતે સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવ તા. ૧૬/૦૨/૨૫ ને રવિવારના રોજ યોજાશે.આ સમુહલગ્નોત્સવનું નોંધણી કાર્ય શરૂ છે. તો દરેક જરૂરિયામંદ લોકોને વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવી આ સમૂલ લગ્નોત્સવનો લાભ લેવા સંસ્થાની યાદીમાં જણાવ્યું છે. -સંતો મહંતો રૂડા આશીર્વાદ આપશે.- આ સમૂહ લગ્નોત્સવમાં



જોડાનાર દરેક દિકરીઓને જુદા જુદા દાતા તરફથી ૧૩૦ ઉપરાંત વસ્તુઓ કરિયાવર રૂપે આપવામાં આવશે. -વિદેશથી ખાસ મહેમાનો ઉપસ્થિત રહેશે.-આવેલ તમામ મહેમાનો માટે ભોજન સહીત ઉતારાની સુંદર વ્યવસ્થા કરવામાં આવશે.- લગ્ન પછી કુવરબાઈનું મામેરૂ ૧૨૦૦૦ અને સાત ફેરા સમૂહ લગ્નના ૧૨૦૦૦ મળે તેના કાગળોની વ્યવસ્થા કરવામાં આવશે.નોંધ : આ સમૂહ લગ્નોત્સવમાં જોડાવા માટે વર કન્યાના જન તારીખના ઓરીજલ દાખલા, આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટા - ૨ વગેરે જરૂરી કાગળોનું લિસ્ટ લઈ રહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવવા સંસ્થાના વડા રતિદાદાની યાદીમાં જણાવાયું છે.

## ૧૭ જુલાઈ, "વર્લ્ડ ડે ફોર ઈન્ટરનેશનલ જસ્ટીસ"

# જસ્ટીસ ડીલેયડ ઈઝ જસ્ટીસ ડીનાઈડ



અમરેલી, તા. ૧૬

"વર્લ્ડ ડે ફોર ઈન્ટરનેશનલ જસ્ટીસ" દર વર્ષે ૧૭ જુલાઈના દિવસે ઉજવવામાં આવે છે. તેને " ઈન્ટરનેશનલ ક્રિમીનલ જસ્ટીસ ડે" અથવા "ઈન્ટરનેશનલ જસ્ટીસ ડે" પણ કહેવાય છે. આ ન્યાયનો દિવસ છે. મુખ્યત્વે સમગ્ર વિશ્વમાં ન્યાય માટેની જાગૃતતા ફેલાય તે હેતુથી આ દિવસ ઉજવવામાં આવે છે. ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા, લિંગ કે શારીરિક જાતિભેદ વગેરે વિષયો પર અનિચ્છનીય પ્રકારે ચાલી રહેલી તમામ બાબતોનો વિરોધ કરવા તેમજ ન્યાય મેળવવાનાં હેતુથી સમગ્ર સૃષ્ટિને જાગૃત કરવાનો આ દિવસ છે. સમગ્ર વિશ્વમાં શાંતિ અને આનંદ અવિરત રહે તે માટે સર્વે એકત્ર થઈને ન્યાયની માંગણી કરે છે. ન્યાય વિષે જો ઊંડાણમાં અભ્યાસ કરીએ તો ભારતનાં બંધારણમાં મનુષ્યને મૂળભૂત અધિકારો આપ્યા છે. સ્વતંત્રતા, સમાનતા, શિક્ષણ મેળવવાનો અધિકાર જેવા અધિકારોનો માણસ સર્વ રીતે ઉપયોગ કરે છે, પરંતુ સૃષ્ટિમાં માત્ર મનુષ્ય જ નથી રહેતા એ વાત ખાસ નોંધ લેવા જેવી છે. મનુષ્ય સાથે સૃષ્ટિમાં પશુ, પંખી, પ્રાણી તમામ એકીસાથે વસવાટ કરે છે. આ તમામ મનુષ્યની સાથે સાથે જ સૃષ્ટિને ચલાવવામાં કોઈ ન કોઈ રીતે નિમિત બને છે. વળી મનુષ્યનું તો અસ્તિત્વ જ પશુ - પક્ષીઓ પાસેથી મળી રહેતી સાધન સામગ્રીઓથી જ ટકી રહ્યો છે. આવા સમયે માણની માફક તેઓ પણ ન્યાયનાં એટલા જ અધિકારી છે. તેવું કહેવું જરા પણ અતિશયોકિત ભર્યુ નથી. મનુષ્યનો જેમ આ જીવન પર અધિકાર છે તેમ પશુ, પક્ષી પ્રાણીઓનો પણ છે. અહીં સહજીવનનો સિદ્ધાંત કાર્ય છે. કોઈ ન કોઈ રીતે જોવા જઈએ તો એ બાબત સતય જ છે કે પ્રકૃતિની સંરક્ષણ ન કરવું એ માનવ જાતની ખૂબ મોટી, ગંભીર ભૂલોમાંની એક છે જેનાં કારણે કોરોના જેવી બિમારીઓ અસ્તિત્વમાં આવી. માણસે સમગ્ર સૃષ્ટિનું જતન કરવું જ રહ્યું આ "વિશ્વ ન્યાય દિવસ" પર ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા જેવા દુષણોને દુર કરવાની સાથે સાથે માણસની અંદર રહેલા દુષણોનો પર સંહાર કરીને આત્માને ન્યાય આપવાની શરૂઆત કરીએ. સમગ્ર સૃષ્ટિ એક છે. વિશ્વનાં બધાં જ પ્રાણીઓ જીવન માટે એકમેક પર આધાર રાખે છે. માટે સૌનું રક્ષણ કરીએ અને પાપ, પુણ્ય જેવા સીમાડાઓથી દુર રહીને આત્માને સંતોષ આપતા કાર્યો કરીએ, જેથી સાચા અર્થમાં ન્યાય આપીને ન્યાય મેળવી શકીએ. જસ્ટીસ ડીલેયડ ઈઝ જસ્ટીસ ડીનાઈડ.

# કોટડાપીઠા પ્રા.આ કેન્દ્ર ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

બાબરા, તા. ૧૬

બાબરા તાલુકાનાં કોટડાપીઠા પ્રા.આ કેન્દ્ર ખાતે જીલ્લા પંચાયત અમરેલી અને આરોગ્ય સમીતી જીલ્લા પંચાયત ઉપક્રમે એક નવી પહેલ સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન પ્રા.આ કેન્દ્ર કોટડાપીઠા ખાતે તા.૧૫/૭/૨૦૨૪ને સોમવારનાં રોજ કરવામાં આવ્યુ હતુ.

જેમાં જીલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, તાલુકાપંચાયતનાં સભ્ય ભરતભાઈ બુટાણી, તાલુકા ભાજપ અગ્રણી મહેશભાઈ ભાયાણી વગેરે મહાનુભાવો દ્વારા લાભાર્થીઓ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે પ્રભાતભાઈ કોઠીવાળ અનો સરકાર દ્વારા મળતી આરોગ્યની સુવીધા તેમજ યોજના અંગે સમજણ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ટી.બી., બ્લડપ્રેસર, ડાયાબિટીસ વગેરે રોગો તબીબો દ્વારા પરીક્ષણ તેમજ વિવિધ લેબોરેટરી કરી નિદાન કરવામાં આવ્યુ હતુ. તેમજ એલોપેથીક, આભાકાર્ડ, આધારકાર્ડ લગતી સેવા



તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા



અને સગર્ભામાતા પરીક્ષણ,બાળકોનું રસીકરણ કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં કોટડાપીઠા પ્રા.આ કેન્દ્રસ્ટાફ તેમજ તાલુકા પંચાયતનાં સ્ટાફ વગેરે હાજર રહી સુંદર વ્યવસ્થા રાખેલ હતી.

## બાળકને ફી ના અભાવે પરીક્ષા આપવા ન દીધી

# અમરેલીની જ્ઞાનદીપ વિધા સ્કુલનાં સંચાલકની જોહુકમીથી એક વાલી પરેશાન

### બાળકનું સર્ટિફિકેટ પણ આપવામાં ન આવ્યું


અમરેલી, તા.૧૬

અમરેલીના લીલીયા માર્ગ ઉપર આવેલ જ્ઞાનદીપ વિદ્યા સંકલમાં ધો ૩ માં અભ્યાસ કરતાં બાળક દીપ નરેશભાઈ ડાભીની શિક્ષણ ફી બાકી હોવાથી શાળા સંચાલકે તે બાળકને ભારે અન્યાય કર્યાની રજુઆત શિક્ષણાધિકારીને કરવામાં આવશે તેમ સમાજિક કાર્યકર જગદીશભાઈ ચૌ'ાણે જણાવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ધો. ૩ ના બાળકનાં પિતા કોરોના કાળમાં શિક્ષણ ફી ચુકવી ન શકતા શાળા સંચાલકે બાળકને પરીક્ષા આપવા ન દીધી અને લીવીંગ સર્ટિફિકેટ પણ પરત ન કરતા બાળકનાં ૨ વર્ષ બગડતા આ પ્રકરણથી ભારે ચર્ચા જાગી છે.

# અમરેલી જિલ્લાનાં ૩૪ ગામોમાં આયોજિત સર્વ રોગ નિદાન કેમ્પનો ૭,૦૬૯ લાભાર્થીઓએ મેળવ્યો લાભ






અમરેલી તા.૧૬ જુલાઈ, ૨૦૨૪ (મંગળવાર) અમરેલી જિલ્લા પંચાયતની ૩૪બેઠકવાર ૩૪ગામોમાંસર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન અમરેલી જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવ્યુંહતું. જેનો૭,૦૬૯જરૂરિયાતમંદનાગરિકોએ લાભ મેળવ્યો હતો. વિવિધ ગામ ખાતે યોજાયેલાઆસર્વરોગનિદાનકેમ્પનોપ્રારંભ પદાધિકારીઓએ કરાવ્યો હતો. લાઠી તાલુકાનાંમતિરાળાગામેસાંસદભરતભાઈ સુતરિયા તથા જિલ્લા વિકાસ અધિકારી પી.બી પંડયાએ, ચિતલ ગામે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથરે, ધારીનાં ધારગણી ગામે ધારી-બગસરા-ખાંભાનાધારાસભ્યજે.વી. કાકડિયાએ,લાઠીનાઆંબરડીગામેધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ધારીના દલખાણીયા ગામે જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયાઉપરાંતઅન્યગામોમાં તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, સદસ્યઓએ, સરપંચઓ અને સ્થાનિક પદાધિકારી-અધિકારીઓએ શુભારંભ કરાવ્યો હતો. અમરેલી જિલ્લા પંચાયતના આરોગ્ય તંત્ર દ્વારા આયોજિત આ કેમ્પનો હાઈપરટેન્શનના ૧,૮૭૯, ડાયાબિટીસના ૧,૬૮૪, તાવના ૨૧૫ જેટલા દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. એન.સી.ડી. કાર્યક્રમહેઠળસ્ક્રિનિંગકરતાઓરલકેન્સરના ૧૬૮,બ્રેસ્ટ કેન્સરના ૧૧૪અનેસર્વાઈકલ કેન્સરના૫૭દર્દીઓનોંધાયાહતા.આકેમ્પની સાથે ૪૫૪ નવા આયુષ્માન કાર્ડ અને ૨૧૯ આયુષ્માન કાર્ડ રિન્યુ કરી આપવામાં આવ્યા હતા. ઉપરાંત ૮૨ જેટલા નવા આધાર કાર્ડ અને ૩૫૭ આધાર કાર્ડમાં સુધારો કરી આપવામાં આવ્યો હતો. હાલ ચોમાસાની ઋતુને અનુલક્ષીને ૨૦૮કલોરિન ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. જેમાં એક પણ ટેસ્ટ નેગેટિવ જણાયો ન હતો. જરૂરિયાતમંદ દર્દીઓને આયુર્વેદ વિભાગ દ્વારા દવા તથા ઉકાળાનુંવિતરણ કરવામાંઆવ્યુંહતું. ચિતલ ગામેસગર્ભામાતાઓનેપોષણકિટનુંવિતરણ કરવામાં આવ્યું હતું. આ સર્વ રોગ નિદાન કેમ્પમાં મેડિકલ ઓફિસર, ફાર્માસિસ્ટ, લેબોરેટરી ટેક્નિશિયન, મેલ-ફિમેલ સુપરવાઈઝર, સી.એચ.ઓ. તથા મેલ-ફિમેલવર્કર અનેઆશાબહેનોનીટીમ બનાવી કામગીરી કરવામાં આવી હતી. આ કેમ્પોમાં આરોગ્યલક્ષી બાબતોએ લોકોમાં જાગૃત્તિ કેળવાય તે માટેના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જેમાં આરોગ્યલક્ષી કાર્યક્રમોનુંનિદર્શન કરવામાં આવ્યુંહતું. આ કેમ્પનો મહત્તમ લોકો લાભ મેળવે તે માટેવિવિધમાધ્યમોદ્વારાપ્રચાર-પ્રસાર પણ કરવામાંઆવ્યોહતો. તેમ અમરેલી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ગાગર જેવડા ચમારડી ગામે સાગર જેવું મહાન કાર્ય શરૂ

# ગોપાલભાઈ વસ્તરપરાનાં સહયોગથી અઢી લાખ વૃક્ષોનું વાવેતર

આકરી ગરમી અને અનિયમિત વરસાદથી ઘેરાયેલ ધરતી અને માનવ જીંદગીને બચાવવા માટેનો ભગીરથ પ્રયાસ

૬૦ વર્ષની જીંદગીમાં ચમારડીનાં પનોતાપુત્રએ સમૂહલગ્ન, નિદાન કેમ્પ, અનાજ વિતરણ બાદ વૃક્ષારોપણ અભિયાન શરૂ કર્યુ

જે વ્યકિતને જનસેવા કરવી છે તેને કોઈ ચૂંટણી લડવાની પણ જરૂર હોતી નથી તે સાબિત થયું

બાબરા ઉપરાંત લાઠી, વડિયા, અમરેલી સહિતનાં વિસ્તારોમાં પણ વિનામૂલ્યે રોપા વિતરણ કરી રહ્યા છે






અમરેલી, તા. ૧૬

બાબરાનાંચમારડીનાંવતની અનેસુરતસ્થિતભામાશાગોપાલભાઈ વસ્તરપરાએ તેમની જન્મભૂમિનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કર્યુ છે. ગાગર જેવડાચમારડીગામેથીઅઢીલાખવૃક્ષોનું વાવેતર શરૂ કરાવવાનું સાગર જેવડું કાર્ય કરીને તેઓએ સાબિત કર્યુ કે જેને જનસેવા, પર્યાવરણ સેવા કે જન્મભૂમિની સેવા કરવી છે તેને કોઈ પદની જરૂર નથી. ચમારડીનાં રાધે ફાર્મ ખાતેથી તેઓએ પોતાના ૬૦માં જન્મદિનની ઉજવણી અંતર્ગત ૬૦હજાર વૃક્ષોનાં વાવેતરનો સંકલ્પ લીધા બાદ માત્ર ૩ દિવસમાંજ ૬૦હજાર રોપાનું વિતરણ અને વાવેતર થયા બાદ તેઓનાં ઉત્સાહમાં વધારો થયો અને છેલ્લા એક મહિનાથી તેઓ દૈનિક ૧૦હજાર આસપાસ રોપાનું વિનામૂલ્યે વિતરણ અને પોતે જ વાવેતર કરી રહ્યા છે. તેઓએ ૫૦હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરીને ઐતિહાસિક સિદ્ધિ મેળવી લીધી છે.

તેઓએ જણાવેલ કે જે કોઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## ઉનાનાં રામનગર વિસ્તારનો યુવક જેલમાં કેદ

# લાલ આંખ કરીને પાક જેલમાં સબડતા માચ્છીમારોને કયારે પરત લઈ આવશો

### પાક જેલમાં ભારતનાં માચ્છીમારોની દયાજનક હાલત

ઉના, તા. ૧૬

ઉના તાલુકો માછીમારી વ્યવસાય સાથે સંકળાયેલો છે. અહીનાં લોકો માછીમારી કરવા વેરાવળ, ઓખા, પોરબંદર અને જાફરાબાદની બોટમાં દરિયો ખેડવા જતા હોય છે. ઉના તાલુકાનો ઔધોગિક વિકાસ નહીં હોવાથી લોકો ખેતી અને માછીમારી ઉપર નિર્ભર છે. ઉના તાલુકાનાં આસપાસનાં ગામડાના લોકો વર્ષના ૮ મહિના જેટલો સમય માછીમારી પસારકરે છે. માછીમારોને દરિયામાં જીવનું જોખમ તો રહેલું છે પણ કયારેક પાકિસ્તાની એજન્સીઓ પકડી જાય તેનો મોટો ડર સતાવતો હોય છે.


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

પાકિસ્તાની એજન્સીઓ અવારનવાર

અનુસંધાન પાના ૬ ઉપર

## સરકારનું વિશાળ તંત્ર રખડુ શ્વાનની સમસ્યા દૂર કરી શકતુ નથી

# દામનગર શહેરમાં રખડુ શ્વાને હુમલો કરતા બે વાછરડીઓનાં કમકમાટીભર્યા મોત થયાં

### ગીરકાંઠે દીપડા અને શહેરમાં શ્વાનનો હાહાકાર

દામનગર, તા. ૧૬

દામનગર નગરપાલિકાની હદમાંઅલગ–અલગવિસ્તારોમાંરજળતા પશુઓની હાલત દયાજનક બની ગઈ છે. ખાસ કરીને સરદાર સર્કલ ચોકમાં અડિંગો જમાવીને બેસી રહેતા હોય, પસાર થવું લોઢાનાં ચણા ચાવવા જેવું, મુશ્કેલ બની જાય છે. આખલા તો ગમ્મે ત્યારે ઢિકે લઈ લે તે નક્કી નથી હોતું..!! આ સમસ્યાની સાથે શ્વાનોની સંખ્યા વધી રહી છે. તેને કારણે ડરી–ડરીને સાવચેતી પૂર્વક બજારમાં કે જાહેર માર્ગો ઉપર નીકળવું પડે છે. તે પણ મુઠ્ઠીમાં મોત લઈને..!! દામનગર શહેરમાં છેલ્લા ચારેકદિવસમાં ૧૧૧–પ્લોટ વિસ્તારમાં શ્વાનોએ ( કૂતરાં ) બે વાછરડીને ગળાના ભાગે બચકાં ભરી લેતા, તેમનું મૃત્યુ થતાં, પશુ પ્રેમીઓમાં ગમગીની ફેલાઈ ગઈ હતી. ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનો સાથે બટકા ભરવાના ઈરાદે..!! દોડતાં હોય, ગભરાટ ફેલાતો હોય, સબંધિત તંત્રએ લોકોમાં હાશકારો થાય એવી કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.




## જીલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારે સોશ્યલ મિડિયામાં જણાવ્યું

# વર્તમાન ઉધઈ ગ્રસ્ત શિક્ષણ વ્યવસ્થાનાં પાયા પર ૨૦૪૭નાં વિકાસની ભારતની ઈમારત ઉભી ના થઈ શકે

### ગુણવત્તા વગરનાં શિક્ષણનો વેપાર કરતી દુકાનો ગલીએ–ગલીએ ઉભી થઈ રહી છે

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં જાણીતાં તબીબ અને સત્તાધારી પક્ષ ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબાર અવારનવાર નિર્ભયપણે તેમનાં સરકારની નિષ્ફળતા કે કાર્યશૈલી સામે અવાજ ઉઠાવતા રહે છે અને તેઓ સોશ્યલ મીડિયાના માધ્યમથી હંમેશા સક્રિય રહેતા હોય છે.



તાજેતરમાં તેઓએ વધુ એક સાચી વાત રજૂ કરતા જણાવેલ છે કે, વર્તમાન ઉધઈ ગ્રસ્ત શિક્ષણ વ્યવસ્થાના પાયા પર ૨૦૪૭ના વિકસિત ભારતની ઈમારત ઉભી ના થઈ શકે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની રડયા ખડયા ટાપુઓ જેવી કેટલીક IIM, IIT, AIMS અને કેન્દ્રીય વિદ્યાલયોને બાદ કરતા, ગુણવત્તા વગરનાં શિક્ષણનો વેપાર કરતી "દુકાનો" ગલીએ અને ચોરે ઉભી થઈ રહી છે.

કોઈ પણ જાતનો અભ્યાસ કરાવ્યા વગર, પરીક્ષામાં ગમે તે રીતે પાસ કરી ડિગ્રી અપાવી દેવાની ગેરેન્ટી આપતા શિક્ષણના આવા અડાઓ ચલાવતા સંચાલકો ડ્રગનો કારોબાર કરતા માફિયાઓ કરતા પણ સમાજને વધારે નુકસાન પહોંચાડી રહ્યા છે.

ઈડી જેવું એક અલગ તંત્ર શિક્ષણ ક્ષેત્રની બદીઓ સાફ કરવા ઉભું કરવાની તાતી જરૂર છે. તેમ અંતમાં જણાવેલ છે.

## ઈ-ધરા સોફ્ટવેરમાં ફરી રદનો વિકલ્પ ઉમેરો

# લાઠીનાં ધારાસભ્ય તળાવીયાએ ખેડૂતોને પડતી મુશ્કેલી દુર કરવા મુખ્યમંત્રીને રજુઆત કરી

### ખેડૂતોની સમસ્યા દુર થવાની સંભાવના

લાઠી, તા.૧૬

લાઠીબાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ખેડૂતોને પડતી મુશ્કેલી અંગે સરકારમાં હર હંમેશ ખેડૂતોનો પક્ષ લઈને રજૂઆત કરતા હોય છે અને તેમની મુશ્કેલીઓ દૂર કરવાના પ્રયાસો કરે છે. તેવામાં ફરી એકવાર ખેડૂતોને રેવન્યુ રેકર્ડ ૭/૧૨ વિવિધ નોંધો દાખલ કરવા અંગે પડતી મુશ્કેલી અંગે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી અને સમસ્યાનો હલ થાય તેવી ભલામણ કરી હતી.



લાઠી–બાબરાના ધારાસભ્યએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)